Published on 10th of every month

ગ્રામસ્વરાજ

અંક : ૩ ● વર્ષ : ૮૦ ● ૧૦ જૂન, ૨૦૨૬

કિંમત ₹ ૭ ● વાર્ષિક લવાજમ : ₹ ૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad Unaccountable L1 on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026

અનુક્રમણિકા

અંક–૩ ● વર્ષ : ૮૦
૧૦ જૂન, ૨૦૨૬

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી

સંપાદક મંડળ

* ઘનશ્યામભાઇ એચ. અમીન
* ભીખાભાઇ ઝ. પટેલ

* વાર્ષિક લવાજમ : રૂા. ૮૦
* છૂટક નકલ : રૂા. ૭

પત્રવ્યવહારનું અને લવાજમ
મોકલવાનું સરનામું :

ગુજરાત રાજ્ય સહકારી સંઘ

સહયોગ, જ્યોતિસંઘની પાછળ, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

* ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ
* ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
* website : www.gujaratscu.com
* E-mail : sahakarguj1850@gmail.com

"વૃક્ષો જ્યાં વસે છે, વરસાદ ત્યાં વરસે છે"
– શ્રી નવીન વી. વાછાણી ૩

જન આરોગ્ય ક્ષેત્રે ગુજરાતનું ગૌરવ :
ત્રિભુવનદાસ ફાઉન્ડેશન
– પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર ૬

સહકારી સંસ્થાઓમાં ઠરાવોનું મહત્વ
– શ્રી હિતેશ પટેલ ૧૧

'હિન્દ છોડો' સંગ્રામમાં :
ક્રાન્તિકારી કનકલતા બરૂઆ
– શ્રી ચંદ્રકાન્ત પટેલ 'સરલ' ૧૬

પર્યાવરણની રક્ષા માટે
સહકારી સંસ્થાઓની ભૂમિકા
– શ્રી સંદિપકુમાર પી. ઠાકર ૨૧

૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ
સુખાકારી, શાશ્વત અને વિશ્વશાંતિ માટે યોગ
– શ્રી કિરણ ચાંપાનેરી ૨૪

ડિજિટલ યુગમાં ખરીદ–વેચાણ સંઘ :
ઓનલાઈન વેચાણ અને ઈ–માર્કેટિંગ
– શ્રી અંકિત યુ. ભટ્ટ ૨૭

જૈવિક વિવિધતાનું સંરક્ષણ નહીં કરીએ તો
આપણું અસ્તિત્વ પણ જોખમાશે
– શ્રી મહેશ પંડ્યા ૩૦

સેવા
– શ્રી હસમુખ રામદેપુત્રા ૩૪

ગ્રામસ્વરાજ

* દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
* નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
* છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઈ શકે છે. ● લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
* ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે 'ગ્રામસ્વરાજ' મોકલવામાં આવે છે.
* 'ગ્રામસ્વરાજ' માસિક તથા 'સહકાર' પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
* રાજ્ય સહકારી સંઘના સભાસદોને "ગ્રામસ્વરાજ" તથા 'સહકાર' વિના લવાજમે મોકલવામાં આવે છે.

વૃક્ષ મહિમા

"વૃક્ષો જ્યાં વસે છે, વરસાદ ત્યાં વરસે છે"

- વૃક્ષો આપણા સાચા પરોપકારી સંતો છે. તેઓ આપણને ત્યાગ, ઉદારતા, દયા, માનવતા અને પવિત્રતાના ગુણો અર્પે છે.
- વૃક્ષો જ્યાં હરખે છે, વરસાદ ત્યાં વરસે છે. જીવન ત્યાં મલકે છે.

હાલ આપણે ઘણી મુશ્કેલ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ. વરસાદ પ્રતિક્ષા કરાવે છે, ઓછો થાય છે ને સમયસર આવતો નથી. તેનું પ્રમાણ-સમગ્ર વિશ્વમાં ઘટી રહ્યું છે. દર વર્ષે વધતા રહેતા અસહ્ય તાપમાન સાથે જીવવું પડે છે. અનાજ અને પાણીની અછત વર્તાય રહી છે. ખાદ્યવસ્તુઓના ભાવ આસમાનને આંબી રહ્યા છે. હવા પ્રદૂષણથી વિવિધ રોગો આપણને પરેશાન કરી રહ્યા છે. એક સાથે આટલી બધી સમસ્યાઓ આપણને કેમ તકલીફ આપી રહી છે ? આ બધી સમસ્યાઓનો એક જ ઈલાજ છે; 'વૃક્ષોનું જતન' આજે આપણે વૃક્ષો પ્રત્યે દયા અને માયા વગરના બન્યા છીએ. એટલે તો આપણે તમામ પ્રકારની મુશ્કેલી અને અછતનો સામનો કરી રહ્યા છીએ. શહેરમાં વસતી આધુનક ગૃહિણીઓ પાણીનો શેરીમાં બગાડ કરતી જોવા મળે છે પણ આંગણે ઊભેલા વૃક્ષને પાણી પાતી નથી. એટલે તો શિયાળા, ઉનાળામાં જોવા મળતા ભીના રસ્તા ભર ચોમાસામાં વરસાદના અભાવે કોરા સૂકા રહી જાય છે. પ્રતિવર્ષ આપણે ઈઝરાયેલ દેશના જમીન વિસ્તાર જેટલાં જગંલોનો નાશ કરી રહ્યા છીએ. દેશમાં ૮૦% જેટલો જંગલ વિસ્તાર આપણે નાશ કરી ચૂક્યા છીએ. આપણે જ આપણું ભાવિ અને અસ્તિત્વ જોખમમાં મૂકી રહ્યા છીએ. વૃક્ષોને આપણે સંતાનોની જેમ સાચવવા અને ઉછેરવા પડશે એ દિવસો હવે બહુ દૂર નથી. વૃક્ષો વગરનું રાજ્ય કે રાષ્ટ્ર સંતતિ વગરના દંપતિની જેમ લાચાર હોય છે.

નવીન વી. વાછાણી
૪૦૧- ચોકલેટ કોર્નર એપાર્ટમેન્ટ,
અંબિકા ટાઉનશીપ મેઈનરોડ, કેવલમ રેસિડેન્સી
નજીક, પોસ્ટ ઓફિસ, મોટા મવા, રાજકોટ
મો. ૯૯૭૯૪૬૯૯૧૭

પ્રાચીન સમયથી વેદોમાં વૃક્ષોની પૂજાનો મહિમા ગવાયેલો છે. ઋષિમુનિઓ અને સંતોએ પણ વૃક્ષોનો મહિમા ગાયો છે. ભારતીય વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝે સાબિત કરી આપ્યું છે કે, 'વૃક્ષમાં જીવ છે..

પાંડુરંગ શાસ્ત્રી પણ કહે છે, : 'છોડમાં રણછોડ રહેલા છે.' સાચેજ વૃક્ષો એ શંકરના સ્વરૂપો છે. તે આપણા માટે અનેક કાર્યો નિઃસ્વાર્થ ભાવે કરે છે. તેનું સમગ્ર જીવન અન્યના માટે પરોપકારી છે. છતાં પણ ઘણા મનુષ્યો વૃક્ષો કાપી પાપી બને છે. તેની મહાનતા સ્વીકારતા નથી. તેઓ વાતાવરણના શુદ્ધિકરણ તથા વરસાદને વરસાવવાનું કાર્ય કરે છે. તેઓ વાતાવરણના ઝેરી વાયુઓ પીવે છે અને અમૃત સમાન ઓક્સિજન વાયુ પરત આપે છે. આપણા શાસ્ત્રોમાં ધરતીને માતા અને મેઘરાજાને પિતા ગણવામાં આવ્યા છે. વૃક્ષો તેના બાળકો છે. વૃક્ષોથી જ આ માતા-પિતા રીઝે છે અને વરસાદ વરસે છે. આ વરસાદથી જ જીવન ધબકે છે.

વૃક્ષોના પરોપકારી કાર્યો તો પાર વિનાના છે. વૃક્ષો તેના દરેક અંગો મૂળ, પ્રકાંડ, પર્ણ, પૂષ્પ, ફળ અને બીજ વગેરેને સજીવોના આહાર અને ઔષધ માટે અર્પી દે છે. તે ઘર સજાવવા ઉપયોગી છે. તે મનુષ્યને શીતળ છાયા બક્ષે છે, બળતણ આપે છે. બાષ્પ નિષ્કાશનક્રિયા કરી વાતાવરણનું તાપમાન નીચું રાખે છે. ઓક્સિજન વાયુ મુક્ત કરી વાતાવરણ શુધ્ધ કરે છે. તેનું વાદળોને ઠંડા પાડી વરસાદ ખેંચી લાવવાનું કાર્ય તો અનેરું છે. એટલે તો વૃક્ષોને પરોપકારી સંત સમાન ગણવામાં આવે છે. તે જમીનનું ધોવણા અટકાવે છે. રણના આક્રમણ સામે, સુનામી, ભૂકંપ, વાવાઝોડાની હોનારત સમયે જ જાનમાલનું રક્ષણ કરે છે. એટલે જ તો આપણે તેને ઈશ્વર સ્વરૂપ સ્વીકારીએ છીએ. તેની પૂજા કરીએ છીએ, અને રાજી રાજી થઈને આપણે ઘર આંગણે તેનું રોપણ કરીએ છીએ. હજુ પણ આજે ઘણા મનુષ્યો વૃક્ષોનો આદર કરવાનું સમજતા નથી. તેનો ઉછેર કરતા નથી. વૃક્ષો દ્વારા આપણને શુદ્ધ હવા, પાણી (વરસાદથી) અને ખોરાક જીવનભર મળતા રહે છે. આ ત્રણેય કાર્યો તો તેના અદ્‌ભૂત અને અવર્ણીનીય છે.

ભગવાન બુદ્ધને વૃક્ષની છાયા નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હતું. ભગવાન શ્રીકૃષ્ણ પણ તેના જીવનની અંતિમક્ષણોમાં પીપળાના ઝાડ નીચે વિરામ પામ્યા હતા. આમ વૃક્ષો જ આપણા જન્મથી મૃત્યુ સુધીના સંગાથી છે. તેઓ સાથ છોડતા નથી. આવા દેવ સમાન વૃક્ષોનું આપણે જતન કરવું જોઈએ. તેનો મહિમા સમજાવો આપણી ફરજ છે. તેની વસ્તી વધારતા રહેવી જોઈએ. આપણી વધતી વસ્તીના કારણે વૃક્ષોની હસ્તી પર જોખમ વધ્યું છે તેથી આપણી વસ્તીનું નિયંત્રણ થવું જોઈએ, વૃક્ષોનો વિનાશ અટકાવવો જોઈએ. તેમાં જ આપણા સુખ

અને સમૃદ્ધિ રહેલા છે. પર્યાવરણ અને પૃથ્વીના સંરક્ષણ જાળવણી માટે વૃક્ષોનું જતન ખૂબ જરૂરી છે. આ જાગૃતિ માટે ૫ જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ' તરીકે આજવાય છે. ૨૨ એપ્રિલ, 'પૃથ્વી દિવસ' તરીકે ઉજવાય છે. આ દિવસે પર્યાવરણ સાચવણી અને વૃક્ષારોપણ માટે જાગૃતિ લાવવામાં આવે છે. વન મહોત્સવ ઉજવાય છે. વધુ વૃક્ષો વાવવા માટેના શુભસંકલ્પો કરાય છે. આ એક સારી બાબત છે કે દરેક વ્યક્તિને રહી રહીને પણ વૃક્ષોનું મહત્વ સમજાવા લાગ્યું છે. તે માટે વૃક્ષોનો મહિમા વધારતા અનેક સૂત્રો પ્રચલિત કરવામાં આવ્યા છે. શાળા કોલેજ તથા સરકારી આયોજન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમો પણ કરવામાં આવે છે. અને વૃક્ષોનો મહિમા વધારવામાં આવે છે. વૃક્ષો એ ધરાનું ઢાંકણું છે, સૃષ્ટિને સૌંદર્ય બક્ષતા ઘરેણા છે. ધરાને હરિયાળી રાખવા દરેક પરિવારે પાંચ વૃક્ષો અવશ્ય ઉછેરવા જોઇએ. તો જ આપણી સમગ્રસૃષ્ટિ હરખતી રહેશે, મલકતી રહેશે અને જીવનતી રહેશે. આ માટે આપણે સૌ હવે જાગૃત બનીએ, આપણું અને આપણી સૃષ્ટિનું સંરક્ષણ કરતા રહીએ.

- ઠેર ઠેર વનરાજી, મેઘરાજા રાજી રાજી.
- વૃક્ષોની વૃધ્ધિ એટલે આપણી સમૃદ્ધિ.
- વૃક્ષ જતન, આબાદ વતન.
- વૃક્ષો વાવો, જીવન બચાવો.
- વૃક્ષ સંદેશ :- ઈશ્વર મારામાં છે અને મારું કર્મ પવિત્ર છે. હંમેશા કશુંક આપતા રહો, જગતને હરિયાળું - રણિયામણું સદા બનાવતા રહો.
- ધરતી લીલીછમ રહે, વૃક્ષોનું એ ઋણ,
  શબ્દો પણ ઓછા પડે, કહેવા એના ગુણ.

— રમેશ પટેલ

વૃક્ષો જ આપણા જન્મથી મૃત્યુ સુધીના સંગાથી છે. તેઓ સાથ છોડતા નથી. આવા દેવ સમાન વૃક્ષોનું આપણે જતન કરવું જોઈએ. તેનો મહિમા સમજાવો આપણી ફરજ છે. તેની વસ્તી વધારતા રહેવી જોઈએ. આપણી વધતી વસ્તીના કારણે વૃક્ષોની હસ્તી પર જોખમ વધ્યું છે તેથી આપણી વસ્તીનું નિયંત્રણ થવું જોઈએ, વૃક્ષોનો વિનાશ અટકાવવો જોઈએ. તેમાં જ આપણા સુખ અને સમૃદ્ધિ રહેલા છે. પર્યાવરણ અને પૃથ્વીના સંરક્ષણ જાળવણી માટે વૃક્ષોનું જતન ખૂબ જરૂરી છે. આ જાગૃતિ માટે ૫ જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ' તરીકે આજવાય છે. ૨૨ એપ્રિલ, 'પૃથ્વી દિવસ' તરીકે ઉજવાય છે. આ દિવસે પર્યાવરણ સાચવણી અને વૃક્ષારોપણ માટે જાગૃતિ લાવવામાં આવે છે.

સંસ્થા પરિચય

જન આરોગ્ય ક્ષેત્રે ગુજરાતનું ગૌરવ : ત્રિભુવનદાસ ફાઉન્ડેશન

ભૂમિકા :

ભારતના ગ્રામીણ વિસ્તારના ૩૬ લાખ પશુપાલકોના આર્થિક અને સામાજિક જીવનની કાયાપલટ કરનાર "ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ' - "અમૂલ" અને ૧ લાખ કરોડ રૂપિયાના ટર્નઓવર (૨૦૨૫/૨૬)ને આંબી જનાર "ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન'ના નામ અને કામથી આપણે વાકેફ છીએ. ભારતમાં શ્વેતક્રાંતિના પિતા સ્વાતંત્ર્યસેનાની ત્રિભુવનદાસ પટેલ (૧૯૦૩-૧૯૯૪)ને અમૂલના સ્થાપક (૧૯૪૬) ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ, રાજ્યસભાના સભ્ય, રેમન મેગ્સેસે પુરસ્કાર (૧૯૬૩) અને પદ્મભૂષણ (૧૯૬૪)થી સન્માનીત વિભૂતિ તરીકે ઓળખીએ છીએ પણ અવિભાજિત ખેડા જિલ્લાના ૧૦૬૦ ગામોમાં નવજાત શિશુ, બાળકો અને સગર્ભા માતાઓના સર્વાંગી આરોગ્ય સાર-સંભાળ માટે ત્રિભુવનદાસભાઈના પ્રેરણા સ્વરૂપ ૧૯૭૫માં રજિસ્ટર્ડ અને ૧૯૮૦થી કાર્યરત્ત "ત્રિભુવનદાસ ફાઉન્ડેશ"ને જે ક્રાંતિકારી પરિણામો હાંસલ કર્યા છે તેનાથી વાચકો અવગત નથી. ખેડા જિલ્લાની દૂધ સહકારી મંડળીઓના સહયોગથી ૧૭ લાખની જનસંખ્યાને સર્વાંગી આરોગ્યની સુવિધા પૂરી પાડતા એશિયા ખંડનો આ સૌથી મોટો વ્યાપક કાર્યક્રમ છે. કાઉન્ડેશન દ્વારા સંચાલિત દવાખાના, કિલનિક અને પ્રસૂતિગૃહમાં દર વર્ષે ૧.૬૦ લાખ દર્દીઓ રાહતભાવે લાભ મેળવે છે. આ સંસ્થા ગુજરાતમાં એક આંદોલન બની શકી તેના મૂળમાં છે, આ સંસ્થાના પ્રારંભે મેડિકલ ઓફિસર, માનદ્ સંચાલક, સી.ઈ.ઓ. અને ટ્રસ્ટી તરીકે જૂન ૨૦૨૩ સુધી નિષ્કામભાવે સમર્પિત ડો. નિખિલ ખારોડ. આ લેખમાં તેમની સંવેદનશીલ જીવનકથા "પોતાની વાત" (બિજલ પ્રકાશન વડોદરા)ના આધારે, કર્મયોગી, કવિ અને તબીબ નિખિલભાઈના યોગદાન અને ફાઉન્ડેશનના જનઆરોગ્યની કથા પ્રસ્તુત છે.

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર
ડી-૨૦૪, અભિષેક એન્ટિલિયા, સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે, પુનિત નગર, ન્યૂ સમા રોડ, વડોદરા - ૩૯૦૦૨૪,
મો. ૯૪૨૬૪૧૦૯૦

નિખિલભાઈ : સંવેદનાનું સર્જન

મુંબઈની કે.ઈ.એમ. હોસ્પિટલમાં એમ.બી.બી.એસ.ના ઈન્ટર્નશીપ દરમિયાન નિખિલભાઈએ ત્રણ માસ મુંબઈમાં માલવણી ઝૂંપડપટ્ટી અને કોંકણપટ્ટીમાં આવેલ માનગાંવની હોસ્પિટલમાં અભ્યાસ કરવાની તક ઝડપી લીધી. વંચિતવર્ગના આરોગ્ય માટે કામ કરવાની ઝંખનાના બીજ મનમાં આરોપિત થયા. એમ.ડી.ની પદવી મેળવવા તેઓ રેસિડેન્સી અનુસ્નાતક અભ્યાસક્રમમાં જોડાયા. તેમની મહત્વાકાંક્ષા હતી પિડિયાટ્રીક્સ - બાળરોગમાં નિષ્ણાત થવાની.

હોસ્પિટલના જનરલ વોર્ડમાં ૧૦૦થી વધુ માંદા, કુપોષિત બાળકો હોય. જેમાં મુખ્યત્વે મગજના ટી.બી.થી પીડાતા બાળકોને સતત ૯૦ દિવસ ઈન્જેકશન આપવાના, નિષ્ઠુર વાતાવરણથી તેઓ ત્રાસી ગયા. રેસિડેન્સી છોડી દીધી. સાહિત્યના પુસ્તકો વાંચવા લાગ્યા. શાસ્ત્રીય સંગીતના અભ્યાસમાં લીન થઈ ગયા. વાડિયા હોસ્પિટલમાં રેસિડેન્સી તબીબ તરીકે જોડાયા. માંદા બાળકોને ચીવટપૂર્વક તપાસતી વખતે તેમને પ્રતિતી થઈ કે અપૂરતા પોષણવાળા બાળકોને વિટામીનની ગોળીઓ કયાં સુધી ખવડાવવાની.

તેમણે બે પુસ્તકો વાંચ્યા : ૧. "પિડિયાટ્રીક પ્રાયોરિટીઝ ઈન ડેવલપિંગ કન્ટ્રીઝ' અને ૨. "વ્હેર ધેર ઈઝ નો ડોકટર". આ સ્વાધ્યાય પછી તેમને ખ્યાલ આવ્યો કે આરોગ્ય સુધારવા માટે માત્ર તબીબોની સેવાઓ પર્યાપ્ત નથી. સહાયક કાર્યકરોની ભૂમિકા એટલી જ મહત્વની છે. એક સ્ટાફ નર્સ નવજાત શિશુની સંભાળ માટે જે આવડત અને ચોક્કસાઈથી કામ કરતી હતી તે નિખિલભાઈને સ્પર્શી ગયું. ત્યાં વળી તેમને રિચાર્ડ એટનબરોની ફિલ્મ "ગાંધી' અને શ્યામ બેનેગલની ફિલ્મ "મંથન" નિહાળવાની તક મળી. તેઓ થોડો સમય અમેરિકા જઈ આવ્યા.

ત્રિભુવન ફાઉન્ડેશનમાં સેવાર્થી :

કાર્યક્રમોની વણઝાર :

નિખિલભાઈ તા. ૧૩-૦૪-૧૯૮૪ ના સામૂહિક ગ્રામીણ આરોગ્ય કાર્યક્રમ માટે પ્રસિદ્ધ ત્રિભુવન ફાઉન્ડેશન આણંદમાં મેડિકલ ઓફિસર તરીકે જોડાયા. તે સમયે સી.ઈ.ઓ. હતા જાહેર આરોગ્ય ક્ષેત્રના તજજ્ઞ ડૉ. ઉમાબહેન વ્યાસ. નિખિલભાઈએ સામાન્ય લોકોની સાથે આત્મીયતા કેળવવા ઝભ્ભો અને પેન્ટ ધારણ કર્યા. કુપોષિત બાળકોની તપાસ અને સારવારની કામગીરી શરૂ થઈ. તેમને નિરીક્ષણ કરતા ખ્યાલ

આવ્યો કે બાળમરણ અને અપૂરતા પોષણના કારણો છે : .

૧. સ્તનપાન અને ઉચિત પૂરક આહારનો અભાવ.
૨. બે બાળકો વચ્ચે ઓછું અંતર.
૩. સગર્ભાવસ્થામાં માતાને પ્રાપ્ત અપૂરતું પોષણ.
૪. બાળકોને અપાતો બજારૂ ખોરાક.

ભારત સરકારે કુપોષણ અને બાળમરણની સમસ્યાના સમાધાન માટે, ૨ વર્ષથી નીચેના બાળકો, સગર્ભા-સ્તનપાન કરાવતી માતાઓ માટે સંકલિત બાલવિકાસ વિકાસ યોજનાનો ૧૯૭૫થી કેટલાક વિસ્તારોમાં શુભારંભ કર્યો હતો. ખેડા જિલ્લામાં તેનો અમલ થયો નહોતો. તેથી સંસ્થાએ જનઆરોગ્ય માટે જાગૃતિ વિસ્તારવા ૮૨૦ ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયક બહેનોને તાલીમ આપવાનું નક્કી કર્યું. ત્રિભુવનદાસ પટેલ અને ડૉ. કુરિયનના પ્રયાસોના ફલસ્વરૂપ બ્રિટિશ સરકારે "નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ" મારફત પ્રોજેકટ આધારિત સહાય આપવાનું નક્કી કર્યું હતું. નિખિલભાઈ અહમદનગર પાસે જામખેડમાં ડૉ. રજનીકાંત અરોલેના નેતૃત્વ હેઠળ સંચાલિત સર્વાંગી આરોગ્ય પ્રકલ્પનો અભ્યાસ કરવા જઈ આવ્યા. અને ત્યાર પછી ઓછું ભણેલી કે નિરક્ષર ગ્રામસ્વાસ્થ્ય સહાયિકા બહેનોની તાલીમ શરૂ થઈ. જેના વિષયો હતા :

૧. ઋતુ પ્રમાણેના સામાન્ય રોગો અને તેની પ્રાથમિક સારવાર.
૨. ઝાડાની બીમારીમાં બાટલા ચડાવવાને બદલે મોં વડે પ્રવાહી આપવાની સસ્તી સારવાર.
૩. સ્તનપાનની સાથે ઉચિત પૂરક આહારના ફાયદા.
૪. ઓરીના રોગમાં રસીકરણ વગેરે.

નિખિલભાઈ લિવરપુલ સ્કૂલ ઓફ ટ્રોપિકલ મેડિસિનમાં અભ્યાસ કરવા ૩ માસ ઈંગ્લેન્ડ જઈ આવ્યા. તે સમયે ભારતમાં ૭૫% પ્રસૂતિ ઘરે દાયણોની હાજરીમાં થતી. તેઓ માતા માટે માનસિક આધારસ્તંભ બની રહેતી પણ તેઓ દાતરડું કે અસ્વચ્છ સાધનથી નાળ કાપતી તેથી નવજાત શિશુ ધનુર જેવા જીવલેણ રોગનો ભોગ બનતા. સંસ્થાએ સલામત, જંતુરહિત સુવાવડની કીટ બનાવીને તેના વિતરણનું ભગીરથ કામ શરૂ કર્યું. સુરેન્દ્રનગર જિલ્લામાં રણકાંઠા વિસ્તારમાં મીઠું પકવતા અગરિયા પારિવારના સભ્યોને થતા પાણીજન્ય રોગો માટે પ્રાથમિક સારવારની કીટ આપવામાં આવી. બાળકો માટે પોષક ખોરાક અને સગર્ભા માતાઓની સંભાળ માટે શિક્ષણ જેવા કાર્યક્રમો શરૂ થયા.

આરોગ્ય અંગે સભાનતા :

આરોગ્યલક્ષી કાર્યક્રમોને સાર્થક બનાવવા અને બહેનોમાં પ્રજનન અને આરોગ્ય અંગે સભાનતા સર્જવા પ્રૌઢ શિક્ષણના વર્ગો શરૂ થયા. આ દરમિયાન નિખિલભાઈને કરમસદની મેડિકલ કોલેજમાં બાળરોગ વિભાગના અધ્યક્ષની જવાબદારી સોંપવામાં આવી. તેઓ નાગપુર પાસે ગઢચિરોલીમાં ડો. અભય અને ડૉ. રાણીબંગ દ્વારા માતા અને શિશુના આરોગ્ય માટે સ્થાપિત સંસ્થા ''સર્ચ''નો અભ્યાસ કરવા જઈ આવ્યા. અહીં બિનપરંપરાગત અભિગમ દ્વારા નવજાત શિશુના મરણ પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. આ સમયે યુનિસેફ દ્વારા આરોગ્ય કાર્યકરો માટે તાલીમનું અંગ્રેજી સાહિત્ય ગુજરાતીમાં અનુવાદિત કરવાની કામગીરી તેમણે સંપન્ન કરી.

જિજ્ઞાસુવૃત્તિના નિખિલભાઈએ ત્યારપછી મહત્વના બે કાર્યક્રમો અમલમાં મૂક્યા.

૧. નવજાત શિશુના આવશ્યક સંભાળ માટે અભિનવ કાર્યક્રમ.

૨. કિશોરાવસ્થામાં માનસિક આરોગ્ય.

આ સમય દરમિયાન બ્રિટિશ સહાય બંધ થઈ ગઈ હતી તેથી આ કાર્યક્રમના ક્રિયાન્વયન માટે મારે સંઘર્ષ કરવો પડ્યો. નિખિલભાઈએ તેમના અંતિમ કાર્યકાળમાં ફાઉન્ડેશનના ટ્રસ્ટી તરીકે ''કાંગારું માતા સંભાળ'' પ્રોગ્રામના પ્રવેશ માટે પહેલ કરી. આ પ્રોજેકટનું મુખ્ય પાસું હતું માતા અને બાળકો વચ્ચે સતત શારીરિક સંપર્ક અને બાળકને માત્ર માતાના ધાવણ પર રાખવા.

સમાપન :

નિખિલભાઈ જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય સાધીને ટીમવર્ક દ્વારા ફાઊન્ડેશનના સામુદાયિક આરોગ્ય કાર્યક્રમોને સફળ બનાવી શક્યા, શિશુ અને માતા મૃત્યુદરમાં ૨૦% જેટલા ઘટાડાની સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા તેના મૂળમાં છે તેમની નિરંતર અધ્યયન અને નિરીક્ષણવૃત્તિ. નવું નવું શીખવાની જિજ્ઞાસા. લર્ન એન્ડ અનલર્ન. અને બીજુ તેમના જીવનસાથીની મેડિકલ કોલેજ કરમસદના એનેસ્થેસિયા વિભાગના અધ્યક્ષ, ડીન ડૉ. ઉત્પલાબહેનનો ઉષ્માસભર સહયોગ. તેઓના ૪૦ વર્ષના યશકાર્યનું તારણ છે કે મેડિકલ કોલેજોને વધુને વધુ દર્દીઓ દવાખાનામાં આવે તેમાં જ વિશેષ રસ છે. કોલેજમાં પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન વિભાગ છે પણ તેની ઘોર અવગણના થાય છે. ભારતમાં ૨૧ કરોડ લોકો મધુમેહ અને ૩૧ કરોડ બ્લડપ્રેશર જેવી બીમારીના ભોગ બની રહ્યા છે પણ તેના

મૂળમાં છે કિશોરાવસ્થામાં ઉચિત પોષણનો અભાવ. તેથી ખરેખર સમાજમાં પ્રાથમિક આરોગ્ય સંભાળ, મુખ્યત્વે નવજાત શિશુ અને સગર્ભા માતાની સારસંભાળ અંગે સામુદાયિક સભાનતા વિકસે તેવા કાર્યક્રમો વ્યાપક બનાવવાની અનિવાર્યતા છે.

ત્રિભુવન ફાઉન્ડેશનને માર્ચ-૨૦૨૩માં મહિલા વિકાસ માટે કામ કરતી શ્રેષ્ઠ સંસ્થા તરીકે પુરસ્કાર એનાયત થયો ત્યારે ડૉ. નિખિલભાઈને ગૌરવની લાગણી થઈ કે તેમણે અસંખ્ય સાથીદારોના અપ્રતિમ સહયોગ – ટીમવર્કથી જે કામ કર્યું છે તેનું આ પરિણામ છે. નિષ્કતી કર્મનો સંદેશ આપતી નિખિલભાઈની જીવનકથા આપ સૌ અવશ્ય વાંચશો તેવી શ્રદ્ધા છે. તેમનો સંપર્ક મો.૯૮૨૫૩૨૮૭૪૮.

"આપણો કનિષ્ઠ અપરાધ છે
બાળકોને તરછોડવાનો
જીવનના ઝરાંને ઉવેખવાનો
આપણને જરૂરી હોય
તે ઘણું ખરું પછી પણ ચાલે
આજ તો તે ક્ષણ છે
જ્યારે તેના હાડ ઘડાઈ રહ્યા છે
તેનું રુધિર ઉદ્‌ભવી રહ્યું છે
અને તેની સૂઝબુઝ ખીલી રહી છે
તેને આપણે એમ ન કહી શકીએ
કે આવતી કાલે
તેનું નામ તો છે આજ."

- ગેબ્રિયેલા મિસ્ત્રાલ

(અનુવાદક : નિખિલભાઈ)

કોઈ પણ માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તો 'ગોલ્ડન અવર'માં સારવારથી વિંચિત ન રહી જાય તે માટે કેન્દ્ર સરકારે મોટી પહેલ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ રાહત યોજના (માર્ગ અકસ્માત હોસ્પિટલમાં દાખલ અને સુનિશ્ચિત સારવાર) શરૂ કરવાની મંજૂરી આપી છે. આ યોજના અંતર્ગત કોઇ પણ શ્રેણીની માર્ગ અકસ્માતમાં પીડિતને અકસ્માતની તારીખથી સાત દિવસ સુધી રૂા.૧.૫૦ લાખ સુધીની કેશલેસ સારવાર મળશે. માર્ગ, પરિવહન અને હાઈવે મંત્રાલયે જણાવ્યું છે કે હોસ્પિટલોને મોટર વાહન અકસ્માત કોષ મારફતે વળતર અપાશે. એક અભ્યાસ પ્રમાણે, અકસ્માત પડિતોને પહેલા એક કલાકમાં હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર અપાય, તો આશરે ૫૦ ટકા લોકોને બચાવી શકાય છે.

સહકારી કાયદો

સહકારી સંસ્થાઓમાં ઠરાવોનું મહત્વ

સહકારી મંડળીના પેટા-કાયદાની જોગવાઈ મુજબની સભાઓ કાયદેસરની સભાઓ કહેવાય છે. જેમાં નીતિવિષયક નિર્ણયો લેવામાં આવે છે. મંડળીની મહત્ત્વની બાબતોમાં સભ્યો ભેગા મળી જરૂરી ચર્ચાવિચારણા કરી લોકશાહી પદ્ધતિએ નિર્ણય લે તે લોકશાહીનું હાર્દ ગણાવું જોઈએ. આવા હેતુ માટે સભા બોલાવવી જરૂરી છે, એટલું જ નહીં પરંતુ સભાની કાર્યવાહી અને સંચાલન પણ વ્યવસ્થિત રીતે કરવું જોઈએ.

સહકારી મંડળીમાં મુખ્યત્વે નીચે જણાવ્યા મુજબની જુદા જુદા પ્રકારની સભાઓ હોય છે અને તે અંગેનો ઉલ્લેખ પેટા-કાયદામાં જોગવાઈ તરીકે કરવામાં આવે છે અને આવી સભાઓમાં થયેલ ચર્ચાઓની મુદ્દાસર નોંધ રાખવામાં આવે છે અને આવી નોંધ જે ચોપડામાં કરવામાં આવે છે તેને આપણે ઠરાવ બૂક તરીકે ઓળખીએ છીએ.

હિતેશ પટેલ
સી.ઈ.આઈ.,
અમદાવાદ જિલ્લા સહકારી સંઘ, અમદાવાદ
મોબાઈલ નં: ૯૪૨૮૮ ૯૯૪૯૪

(૧) સાધારણ સભા :

સહકારી મંડળીનું નિયંત્રણ સભાસદોની સામાન્ય સભા કરે છે. સહકારી સંસ્થા એ લોકશાહી સંસ્થા છે, એટલે અગત્યના નીતિવિષયક નિર્ણયો સામાન્ય સભા દ્વારા લેવામાં આવે છે. બધા સભાસદોને સામાન્ય સભામાં હાજર રહેવાનો અને દરેક સભાસદને એક મત આપવાનો અધિકાર હોય છે. આવી સભા સામાન્ય રીતે વર્ષમાં એક વખત મળે છે, જેને વાર્ષિક સાધારણ સભા કહેવામાં આવે છે. સભાએ કરવાના કામકાજમાં વર્ષ દરમિયાન મંડળીએ કરેલ કામગીરીનો અહેવાલ અને વાર્ષિક હિસાબો મંજૂર કરવા, વર્ષ દરમિયાન કરેલ કામકાજમાંથી મેળવેલ આવકના વધારાની (નફાની) ફાળવણી કરવી તેવી મુખ્ય કામગીરી હોય છે, આ ઉપરાંત મંડળીના પેટા-કાયદામાં સુધારા કરવા, શૅરભંડોળમાં વધારો કરવા, ઓડિટ રિપોર્ટની નોંધ લેવી વગેરે કામો પણ કરવામાં આવે છે તેમજ મંડળીની નોંધણી બાદ મંડળીનું બંધારણ સ્વીકારવા માટે પ્રથમ સાધારણ સભા બોલાવવામાં આવે છે. કોઈ ખાસ કામ માટે બહુમતી વ્ય.કમિટી સભ્યોની માંગણીથી, ૧/

૫ ભાગના સભ્યોની લેખિત માંગણીથી, સંયુકત કે સમવાય સંસ્થાની માંગણીથી, રજિસ્ટ્રારશ્રી કે અધિકૃત અધિકારીની સૂચનાથી ખાસ સાધારણ સભા બોલાવવામાં આવે છે. અંતિમ સાધારણ સભા મંડળીની વધારાની મિલકતનો નિર્ણય કરવા અને ફડચાની સમાપ્તિની નોંધ લઇ મંડળીની નોંધણી રદ કરવા બોલાવવામાં આવે છે અને આવી સાધારણ સભાઓમાં થયેલ ચર્ચાઓની મુદ્દાસર નોંધ રાખવામાં આવે તેને આપણે સાધારણ સભાની ઠરાવ બૂક તરીકે ઓળખીએ છીએ અને સહકારી કાયદાની કલમ-૩૩ અન્વયે સભાસદો સાધારણ સભાની ઠરાવ બૂક જોવા માટે માંગી શકે છે તથા યોગ્ય ફી ભરીને તેની નકલ પણ મેળવી શકે છે.

(૨) વ્યવસ્થાપક સમિતિની સભા :

ગુજરાત સહકારી અધિનિયમની કલમ ૭૪ અનુસાર દરેક મંડળીનો વહીવટ ચલાવવા માટે વ્યવસ્થાપક સમિતિની રચના, અધિકારો અને કાર્યો અંગે જોગવાઈ કરવામાં આવી છે. મંડળીની રોજબરોજની વહીવટી કામગીરી ચલાવવા માટે બધા કે મોટા ભાગના સભ્યો ભેગા મળીને ધ્યાન આપી શકે નહીં, એટલે સાધારણ સભા પોતાની મોટા ભાગની સત્તાઓ પેટા-કાયદામાં જોગવાઈ કરીને અમુક પ્રમાણિક, શકિતશાળી અને નિષ્પક્ષ, નિષ્ણાંત અને સેવાભાવી સભાસદોને પોતાનામાંથી ચૂંટી તેમને સત્તા સોંપે છે, અને આ પ્રમાણે ચૂંટાયેલ વ્યવસ્થાપક સમિતિને મંડળીનો વહીવટ સોંપવામાં આવે છે. આવી સમિતિએ સહકારી અધિનિયમ, નિયમો અને પેટા-કાયદાથી સોંપવામાં આવેલ સત્તા વાપરવી જોઈશે અથવા તેમને સોંપવામાં આવે તેવી ફરજો બજાવવાની રહેશે. ચૂંટાયેલ સમિતિ પોતાની પહેલી બેઠકમાં પોતાનામાંથી પ્રમુખ, ઉપપ્રમુખ અને માનદમંત્રી વગેરે હોદ્દેદારોની ચૂંટણી કરે છે. સમિતિની દરેક બેઠકનું કામકાજ વ્યવસ્થિત થાય તેમ જ તેની નોંધ લેવાય તે જોવાનું કામ પ્રમુખ અને મંત્રીનું છે, આવી વ્યવસ્થાપક સમિતિની સભામાં થયેલ ચર્ચાઓની મુદ્દાસર નોંધ રાખવામાં આવે તેને આપણે વ્યવસ્થાપક સમિતિની સભાની ઠરાવ બૂક તરીકે ઓળખીએ છીએ.

(૩) પેટા-સમિતિની સભાઓ :

સામાન્ય રીતે મંડળીમાં રોજબરોજની કામગીરી કરવાની જવાબદારી વ્યવસ્થાપક સમિતિને સોંપવામાં આવી છે, પરંતુ જુદા જુદા પ્રકારની મંડળીઓમાં તેમની કામગીરી અને કાર્યભાર ધ્યાનમાં લઈ કોઈ ખાસ હેતુ માટે પેટા-સમિતિની નિમણૂક કરવામાં આવે છે. પેટા-સમિતિના સભ્યો તરીકે સામાન્ય

રીતે વ્યવસ્થાપક સમિતિના સભ્યોને જ મૂકવામાં આવે છે, અને તે પૈકી એકની પેટા-સમિતિના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવે છે. નાની સહકારી મંડળીમાં પેટા-સમિતિની નિમણૂક કરવાની ખાસ જરૂરિયાત હોતી નથી. પરંતુ તાલુકા, જિલ્લા, રાજ્ય, રાષ્ટ્રીય કક્ષાનાં સંઘો, ફેડરેશનો વગેરેમાં બોર્ડ ઓફ મૅનેજમેન્ટ ઉપરાંત પેટા સમિતિની નિમણૂક કરતા હોય છે, તેમ જ પેટા-કાયદામાં પણ આ અંગે જોગવાઈ કરવામાં આવેલ હોય છે. પેટા-સમિતિઓએ કરેલ કામનો અહેવાલ બોર્ડની સભા સમક્ષ નોંધ લેવા માટે પણ રજૂ કરવામાં આવે છે. આવી સમિતિમાં સભ્યો ઘણા મર્યાદિત રાખવામાં આવે છે, જેથી પેટા-સમિતિની સભાઓ તુરંત બોલાવી શકાય, આ સમિતિની ભલામણો/અહેવાલ બોર્ડ સમક્ષ રજૂ કરી યોગ્ય નિર્ણય લેવામાં આવે છે, આવી પેટા-સમિતિની સભામાં થયેલ ચર્ચાઓની મુદ્દાસર નોંધ રાખવામાં આવે તેને આપણે પેટા-સમિતિની સભાની ઠરાવ બૂક તરીકે ઓળખીએ છીએ.

સહકારી સંસ્થાઓમાં સભાના ઠરાવોનું અત્યંત મહત્વ હોય છે, કારણ કે તે સંસ્થાના સંચાલન અને નિર્ણય પ્રક્રિયાનો પાયો છે. સહકારી સંસ્થાઓમાં સભાના ઠરાવો લેખિતમાં હોવાથી સંસ્થાના સભ્યોમાં વિશ્વાસ જળવાઈ રહે છે. સભ્યો જાણી શકે છે કે તેમના હિત માટે સંસ્થામાં કેવા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. સભાના ઠરાવોનું મહત્વ વધુ ઊંડાણપૂર્વક આપણે તેને વહીવટી, કાયદાકીય અને નૈતિક દૃષ્ટિકોણથી નીચે મુજબ જોઇ શકીએ છીએ.

(૧) નીતિ-નિર્માણ અને અમલીકરણની કડી :

ઠરાવ એ માત્ર કાગળ પરનું લખાણ નથી, પરંતુ સંસ્થાની 'વિઝન' (દૃષ્ટિ) ને 'એક્શન' (કાર્ય) માં બદલવાનું માધ્યમ છે. જ્યારે સામાન્ય સભા કોઈ નીતિ નક્કી કરે છે, ત્યારે ઠરાવ દ્વારા કારોબારી સમિતિને તે કાર્ય કરવાની સત્તા મળે છે. ઠરાવ વગર લેવાયેલો કોઈ પણ વહીવટી નિર્ણય 'અધિકાર બહારનો' ગણાય છે.

(૨) સભ્યોના લોકશાહી અધિકારોનું રક્ષણ :

સહકારી કાયદા મુજબ, સંસ્થાનો અંતિમ માલિક સભ્ય છે. સભામાં પસાર થતો ઠરાવ એ સુનિશ્ચિત કરે છે કે લઘુમતી સભ્યોના હિતોનું જોખમ ન થાય અને બહુમતી સભ્યોની ઈચ્છા મુજબ સંસ્થા ચાલે. તે 'એક વ્યક્તિ, એક મત' ના સિદ્ધાંતને અમલી બનાવે છે.

(૩) સભાની ઠરાવબૂકનું કાયદાકીય મહત્વ, પુરાવાકીય મહત્વ અને ઓડિટમાં મહત્વ :

સહકારી મંડળીઓના કાયદા મુજબ, સભાની કાર્યવાહીની નોંધ રાખવી ફરજિયાત

છે. કોઈપણ સહકારી સંસ્થામાં લેવાયેલા નિર્ણયોને ત્યારે જ કાયદેસર ગણવામાં આવે છે જ્યારે તે સભામાં 'ઠરાવ' સ્વરૂપે પસાર કરવામાં આવ્યા હોય. અદાલતી કે કાયદાકીય કાર્યવાહીમાં આ ઠરાવો લેખિત પુરાવા તરીકે કામ કરે છે અને જો સંસ્થા પર કોઈ કેસ થાય, તો કોર્ટમાં 'ઠરાવ બૂક' ને પ્રાથમિક પુરાવા તરીકે સ્વીકારવામાં આવે છે તેમજ સરકારી ઓડિટર જ્યારે સંસ્થાનું ઓડિટ કરે છે, ત્યારે તેઓ દરેક ખર્ચ અને નિર્ણયને અનુરૂપ ઠરાવ તપાસે છે. ઠરાવ વગર થયેલા ખર્ચને 'બિનઅધિકૃત' ગણીને રિકવરી કાઢી શકાય છે.

(૪) સત્તાનું પ્રતિનિધિત્વ :

કોઈ પણ એક વ્યક્તિ (પ્રમુખ કે મંત્રી) સંસ્થાની બધી મિલકતો વેચી શકતા નથી કે મોટા રોકાણો કરી શકતા નથી. ઠરાવ એ સ્પષ્ટ કરે છે કે કયા હોદ્દેદારને કેટલી નાણાકીય મર્યાદામાં સત્તા આપવામાં આવી છે. આનાથી સત્તાના દૂરુપયોગ પર અંકુશ આવે છે. ઠરાવ એ સામૂહિક નિર્ણયનું પ્રતીક ગણાય છે અને સહકારી સંસ્થા લોકશાહીના સિદ્ધાંત પર ચાલે છે. ઠરાવ એ દર્શાવે છે કે લેવાયેલો નિર્ણય કોઈ એક વ્યક્તિનો નથી, પરંતુ સભ્યોની બહુમતી અથવા સર્વસંમતિથી લેવાયેલો નિર્ણય છે.

(૫) સાતત્ય જાળવવામાં મદદ :

સહકારી સંસ્થાઓમાં દર પાંચ વર્ષે ચૂંટણી થાય છે અને નવા હોદ્દેદારો આવે છે. ઠરાવોની ફાઈલ એ સંસ્થાનો 'ઇતિહાસ' છે. નવા આવનાર વ્યક્તિ જૂના ઠરાવો વાંચીને સમજી શકે છે કે : અગાઉ કયા પ્રોજેક્ટસ કેમ અટક્યા હતા?, કયા સભ્યોને કેટલી રાહત આપવામાં આવી હતી?, સંસ્થાની રોકાણ કરવાની નીતિ શું રહી છે? આમ ભૂતકાળમાં લેવાયેલા નિર્ણયોની જાણકારી મેળવવા માટે ઠરાવો ખૂબ ઉપયોગી છે. નવા આવતા હોદ્દેદારો જૂના ઠરાવો વાંચીને સંસ્થાની પરંપરા અને નીતિ-નિયમો સમજી શકે છે.

(૬) રજિસ્ટ્રાર અને અન્ય સંસ્થાઓ સાથેનો વ્યવહાર :

સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર RCS પાસે જ્યારે કોઈ પેટા-નિયમમાં સુધારો કરાવવાનો હોય, ત્યારે ફરજિયાતપણે સભાનો ઠરાવ રજૂ કરવો પડે છે. તેવી જ રીતે, બેંકો, વીમા કંપનીઓ કે ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંસ્થાની સક્ષમતા સાબિત કરવા ઠરાવની 'સર્ટિફાઈડ નકલ' અનિવાર્ય છે. બેંકમાં ખાતું ખોલાવવા, લોન લેવા કે મિલકતની ખરીદી-વેચાણ કરવા માટે સભાના ઠરાવની નકલ અનિવાર્ય છે. ઠરાવ વગર આવા મોટા નાણાકીય નિર્ણયો લઈ શકાતા નથી.

(૭) વિવાદ નિવારણનું સાધન :

જ્યારે સંસ્થામાં બે જૂથો વચ્ચે વિવાદ થાય, ત્યારે ઠરાવ એ રેફરીની ભૂમિકા ભજવે છે. ઠરાવમાં સ્પષ્ટ લખેલું હોય છે કે નિર્ણય વખતે કેટલા સભ્યો હાજર હતા, કેટલાએ તરફેણમાં મત આપ્યો અને કેટલાએ વિરોધમાં. આ પારદર્શિતા આંતરિક ઝઘડાઓને ઘટાડે છે.

(૮) વહીવટી માર્ગદર્શન :

સંસ્થાના હોદ્દેદારો, મેનેજર કે કર્મચારીઓ માટે ઠરાવ એ કાર્ય કરવા માટેનો લેખિત આદેશ છે. ઠરાવ દ્વારા નક્કી થયેલી બાબતો મુજબ જ સંસ્થાનો રોજિંદો વહીવટ ચલાવવામાં આવે છે.

(૯) જવાબદારી નક્કી કરવી :

જો ભવિષ્યમાં કોઈ નિર્ણયને કારણે નુકસાન થાય, તો મિનિટ બૂક (સભાની ઠરાવ બૂક) માં નોંધાયેલા ઠરાવ પરથી જાણી શકાય છે કે તે નિર્ણય કોની હાજરીમાં અને કોની સંમતિથી લેવાયો હતો. આનાથી સત્તાધિકારીઓની જવાબદારી નક્કી થાય છે.

દરેક સભાનું યોગ્ય કોરમ (કાર્યસાધક હાજરી) થવું જરૂરી છે અને કોરમ ન થાય તો બેઠક મુલતવી રાખવી જોઈએ અને યોગ્ય કોરમ (કાર્યસાધક હાજરી) સાથે કાયદેસર રીતે મળેલ સભાની ઠરાવ બૂકમાં દરેક ઠરાવો સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં લખવા જોઇએ અને તેવા ઠરાવોની ભાષા યોગ્ય અને મુદ્દાસર લખાણમાં હોવું જોઇએ, તેમાં દરખાસ્ત કરનાર, ટેકો આપનાર અને ઠરાવને સમર્થન આપતા બહુમતી સભ્યોની સંખ્યા દર્શાવવી જોઇએ તથા ઠરાવ બૂક સમયસર લખવી જોઇએ તેમજ ઠરાવ બૂકમાં જવાબદાર વ્યકિતની સહી કરાવવી જોઇએ અને પછીની સભામાં ઠરાવબુક વાંચી સંભળાવી તેની બહાલી મેળવવી જોઇએ તથા દરેક પ્રકારની સભા માટે અલગ અલગ ઠરાવ બૂકો નીભાવવી જોઇએ અને તેવી ઠરાવ બૂકોની યોગ્ય સાચવણી પણ કરવી જોઇએ.

નિષ્કર્ષ :

જેમ માનવ શરીરમાં કરોડરજ્જુનું મહત્વ છે, તેમ સહકારી સંસ્થામાં ઠરાવનું પણ ખૂબ જ મહત્વ રહેલુ છે. ટૂંકમાં, ઠરાવ એ સહકારી સંસ્થાના પ્રાણ સમાન છે જે સંસ્થાને શિસ્તબદ્ધ અને કાયદેસર રીતે ચલાવવામાં મદદ કરે છે, જે સંસ્થાની પારદર્શિતામાં વધારો કરે છે અને જો ઠરાવ સ્પષ્ટ, કાયદેસર અને લેખિત ન હોય, તો સંસ્થાનો વહીવટ વેરવિખેર થઈ શકે છે અને તે કાનૂની મુશ્કેલીઓમાં ફસાઈ શકે છે.

આઝાદીકાળ

‘હિન્દ છોડો’ સંગ્રામમાં : ક્રાન્તિકારી કનકલતા બરૂઆ

અંગ્રેજોની જુલ્મી ચુંગાલમાં ફસાયેલા ભારત દેશને સ્વતંત્ર કરવા સને ૧૮૫૭ થી જ જંગના મંડાણ થઈ ચૂક્યા હતા. હિન્દુ તથા મુસ્લિમોએ પણ આ લડતમાં વ્યાપક પ્રમાણમાં ભાગ લીધો હતો, તેમાં મહિલાઓ અને વિદ્યાર્થીઓ પણ સામેલ હતાં, મહિલાઓનું પ્રમાણ વિશેષ હતું. ૧૮૫૭નો બળવો જીવંત રાજનીતિ હતો તેમાં ક્રાન્તિકારીઓએ મોટે ભાગે હિંસક માર્ગ લીધો હતો. તેમાં ઘણાએ શહીદી પણ વહોરી હતી.

અંગ્રેજ શાસનની ‘ભાગલા પાડો અને રાજ કરો’ની નીતિએ ક્રાન્તિકારીઓમાં અંદરોઅંદર ફૂટ પડાવીને બળવો કચડી નાખ્યો હતો છતાં લોકોના દિલમાંથી સ્વતંત્ર ભારતની કામનાનો જલતો દીપ બૂઝાયો ન હતો.

ચંદ્રકાન્ત પટેલ ‘સરલ’
C/O, “સંસ્કૃતિ દર્શન” કાર્યાલય
‘અનુરાગ’ રતનપરા શેરી નં-૦૧,
બાગદરવાજા, માણાવદર-૩૬૨૬૩૦
જિ. જૂનાગઢ મો. ૮૭૩૫૯૦૨૪૨૪

મહાત્મા ગાંધીજી સને ૧૯૧૫માં આફ્રિકાથી ભારત આવ્યા અને તેમણે ૧૮૫૭ના બુઝાયેલા બળવામાં પ્રાણ પૂરી ‘સત્યાગ્રહ’ નામ આપી સને ૧૯૨૦માં ચેતનવંતો કર્યો અને અસહકાર આંદોલન શરૂ કર્યું. પ્રથમ સંગ્રામ રોલેટ કાયદાના વિરૂધ્ધમાં હતો ત્યાર પછી બીજા તબક્કામાં ૧૯૨૦ થી સને ૧૯૨૨ દરમિયાન અહિંસક અસહકાર સત્યાગ્રહ ચાલુ કાર્યો. ગાંધીજીએ ઠેર ઠેર સભાઓ ભરી ભાષણો દ્વારા લોકોમાં સ્વતંત્રતાનો જોમ જૂસ્સો પ્રગટાવ્યો હતો. દેશને આઝાદ કરવા ભારતવાસીઓ નાત-જાત જોયા વગર સંગ્રામમાં કૂદી પડ્યા હતાં.

સને ૧૯૨૩માં ત્રીજા તબક્કામાં બોરસદ સત્યાગ્રહ શરૂ થયો અને ચોથા તબક્કામાં મીઠાનો કાયદો તોડવા સને ૧૯૩૦માં દાંડીકૂચ આરંભાઈ સાબરમતીથી દાંડી સુધી પદયાત્રા કરી ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે સરકાર દ્વારા વિપુલ પ્રમાણમાં પકવાતા મીઠાના ઢગલામાંથી ચપટી મીઠું ઉપાડી કાયદાનો ભંગ કર્યો કારણ કે અહીં મીઠું લેવાની, વેચવાની કે પકવવાની સખત

મનાઈ હતી. જેનો ગાંધીજીએ ભંગ કર્યો.

૧૯૨૦થી ૧૯૪૭ સુધી સતત ચાલેલા સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનું તો ખૂબ મોટું યોગદાન હતું. વિદેશી કાપડ, વિદેશી દારૂના અડ્ડાઓ તથા વિદેશી માલસામાન વેચતી દુકાનો પર તેમણે અવિરત પિકેટિંગ કરી માલસામાનની હોળીઓ કરી હતી. દારૂના અડ્ડાઓ બંધ કરાવ્યા હતા.

આ આંદોલનમાં જેલની સજા ભોગવનાર સિંધી મહિલા શ્રીમતી ગંગાબેન પ્રથમ હતાં. ગંગાબહેન શિકાસુરના એક વેપારીનાં પુત્રી હતાં. ૧૦ વર્ષની ઉંમરે તેઓ વિધવા થયેલાં પરંતુ તેમણે સમગ્ર જીવન લોકસેવા માટે સમર્પિત કરી દીધું હતું.

૨૭ વર્ષ સતત ચાલેલા આ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સૌથી ઝનૂની જંગ ૧૯૪૨નો 'હિંદ છોડો' નામે હતો. આ ક્રાન્તિ લોહિયાળ નીવડી હતી. તેમાં અહિંસક નીતિને ફગાવી સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભાંગફોડ અને હિંસાનો માર્ગ લીધો હતો. ભાંગફોડ અને હિંસા થતી જોઈને ગાંધીજી વ્યથિત રહેતા હતાં. દુઃખી હતા. પરંતુ અહિંસક નીતિ સામે ચર્ચિલ સરકાર નહિ ઝૂકે ને સેનાનીઓના બલિદાનો લેવાતાં રહેશે. અહિંસક લડત કદી પણ અંગ્રેજોને કાઢવામાં સફળ નહિ નીવડે એવું સમજી ગાંધીજીની ઉપરવટ થઈને પણ તેમણે ભાંગ ફોડની નીતિ અખત્યાર કરી હતી.

'હિન્દ છોડો' ના આ સંગ્રામે ભારે તોફાનો જન્માવ્યાં હતાં. સ્વાતંત્ર્યવીરોએ વ્યક્તિગત તથા સામુદાયિક વીરતા બતાવી હતી. તેથી વિશ્વની સાથે ચર્ચિલ બ્રિટિશ-સરકાર પર તેની મોટી અસર થઈ હતી. અહિંસક આંદોલન હિંસા તરફ વળશે તેવું સરકારે કલ્પ્યું પણ ન હતું. અંગ્રેજ સરકારને લાગ્યું કે આ ક્રાન્તિને હવે દમનથી પણ દબાવી શકાશે નહિ. સેનાનીઓ પૂરા જોમ-ઝનૂનથી મેદાને પડ્યા હતાં. હવે ભારતમાં પોતાનું શાસન વધુ વખત ટકશે નહિ એવો એકરાર અંગ્રેજી વાઈસરો સામે ચર્ચિલે કરી લીધો હતો.

આ સંગ્રામમાં સરકારે આંદોલનકારીઓ પર ગજબનું દમન ગુજાર્યું હતું. મહિલાઓને અપમાનિત કરી બંદૂકના કુંદા મારી મારીને લોહીલૂહાણ કરી હતી. જેલમાં રાખેલા સ્વાતંત્ર્યસેનાનીઓને જનાવરો પણ ન ખાય તેવું રજોટાયેલું ખરાબ ભોજન આપવામાં આવતું, દિવસે રાત્રે તેને ઊંઘવા દેવાતાં પણ નહી. છતાં પણ ક્રાન્તિકારીઓ ડગ્યા ન હતા અને લડત જારી રાખી હતી.

અંગ્રેજ અમલદારોના સિતમથી

આંદોલન વધારે હિંસાત્મક બન્યું હતું. લોકોએ ટ્રેનો, પોલીસ ચોકીઓ, પોસ્ટ ઓફિસો, તાર-ટપાલ વિભાગો, શાળા, કોલેજો અને સરકારી કચેરીઓમાં બોમ્બ મૂક્યા હતા. આ લડત દરમિયાન ૬૬૪ બોમ્બ ફોડવામાં આવ્યા હતા. તથા ૪૭૪ રસ્તાઓ તોડી નખાયા હતા. ૪૦૧ રેલવેલાઈન, ૩૮૨ રેલવેસ્ટેશનો, ૨૬૮ રેલવેનાં સાધનો, ૯૪૫ જેટલી તાર-ટપાલખાતાની ઓફિસો ભાંગી-તોડી કાઢી હતી. ૧૨,૨૮૬ પોસ્ટ, તાર અને ટેલિફોન વગેરેની લાઈનોને નુકસાન કર્યું હતું. તથા ૬૬ રેલગાડીઓ ઉથલાવી હતી. અંગ્રેજોની દમનકારી નીતિએ લોકોમાં ઉશ્કેરાટ જગાવ્યો હતો. અને હિંસાને માર્ગે જવા મજબૂર કર્યા હતા.

'હિન્દ છોડો' આંદોલન દેશના તમામ રાજ્યોમાં આગ બનીને ફેલાઇ ગયું હતું. તેમાં પંજાબ, મહારાષ્ટ્ર, કરાંચી, બંગાળ, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, અસામ, બિહાર મધ્યપ્રદેશ, સિંધ, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત, દિલ્હી અને દક્ષિણી રાજ્યોમાં તેની વ્યાપકતા વધારે હતી. આમાં મહિલાઓ પણ જોડાઇ હતી.

આસામમાં જોરદાર અને ઝનૂનપૂર્વક લડનારી આસમી મહિલા કનકલતા બરૂઆ નામની એક બીજી ઝાંસીની રાણી જેવી નીડર, મુખ્ય વિદ્રોહકર્તા નારી હતી.

કનકલતાએ ઘરમાં બેસી રહેનારી મહિલાઓને ઘરની બહાર કાઢી હાથમાં ઝંડા પકડાવી મેદાનમાં ઉતારી હતી. તેમણે ઠેર ઠેર ભાષણો કરી મહિલાશક્તિને પ્રબળ બનાવી હતી. અંગ્રેજ સેનાએ તેમને પકડી અસહ્ય સિતમ શરૂ કર્યો ત્યારે આ જવાંમર્દીનીએ થૂ...થૂ...થૂ... કરી થૂંક ઉડાડ્યું હતું. અને ગર્જના કરી હતી કે - તમારી આ દમનકારીનીતિથી અમે ડરવાના નથી. અને ક્રાન્તિકારીઓ તમારા આ અન્યાયી શાસનને ફગાવી દીધા પછી જ જંપ વાળીને બેસશું. તમારે જેટલો જૂલ્મ કરવો હોય તે કરી લેજો એક પણ આંદોલનકારી પીછેહઠ નહીં કરે. કરોડો ભારતીઓ ખપી જશે પણ તમને હાંકી કાઢ્યા વગર મેદાન નહિ છોડે''

આ નીડર, બહાદુર અને સ્પષ્ટ વક્તા એવી કનકલતા બરૂઆનો જન્મ ૨૬મી મે-૧૯૨૬માં આસામના બરંગાવાડી નામના ગામમાં થયો હતો. ૮મી ઑગસ્ટ ૧૯૪૨માં ભારતીય કોંગ્રેસે પસાર કરેલ 'હિન્દ છોડો' પ્રસ્તાવે આખા દેશમાં હલચલ મચાવી દીધી હતી. અને લોકોમાં 'કરેંગે યા મરેંગે'ના સૂત્ર સાથે એક જબરજસ્ત લોકજુવાળ ઊભો કર્યો હતો. આ સમયે કનકલતા ૧૬ વર્ષની યુવતી

હતી. તેમણે નક્કી કરી લીધું કે દેશની આઝાદી માટે તે પોતાના પ્રાણની બાજી લગાવી દેશે.

૨૦મી સપ્ટેમ્બર ૧૯૪૨ના દિવસે સ્થાનિક કોંગ્રેસે સવારના ૧૦ વાગ્યે ગોપુર થાણામાં ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવા કૂચ કરી ત્યારે સોળ વર્ષની આ છોકરી કનકલતાએ કૂચની આગેવાની લઇ 'અંગ્રેજો પાછા જાઓ' 'કરેંગે યા મરેંગે', 'ઇન્કલાબ ઝિંદાબાદ', 'ભારતમાતા કી જય' જેવા સૂત્રોના નારા સાથે સરઘસની આગળ હાથમાં ત્રિરંગા સાથે પ્રસ્થાન કર્યું હતું. તેમની સાથે અમલપ્રભા દાસ નામની નીડર અને બહાદુર મહિલા પણ હાથમાં ઝંડો લઇને આગળ આગળ ચાલી રહી હતી.

અમલપ્રભા આસામની સિંહણ એવી ઉપમાથી ઓળખાતી હતી. અમલપ્રભાનો જન્મ ૧૨મી નવેમ્બર, ૧૯૧૧માં આસામના દિબ્રુગઢ નામના ગામમાં થયો હતો. કનકલતાથી તે ૧૫ વર્ષ મોટાં હતાં. તેથી કનકલતા પોતાની આ સખીને 'બડી દીદી' કહીને બોલાવતાં હતાં.

અમલપ્રભાએ આસામના ગૌહાટીમાં એક આશ્રમ સ્થાપ્યો હતો. અને તે એનું સંચાલન કરતાં હતાં. ગાંધીજી જયારે આસામ આવતાં ત્યારે આ આશ્રમમાં રોકાતા હતાં. ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ અમલપ્રભાની ધરપકડ કરી ૬ માસ સુધી જેલમાં રાખવામાં આવ્યા હતાં. જેલમાંથી છૂટ્યા પછી તેઓ ૧૯૪૨ની હિંદ છોડો લડતમાં જોડાયા હતા. અંગ્રેજો સામે મહિલાઓનો મોરચો કાઢી અંગ્રેજો વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરવા બદલ તેમને ફરીવાર ૧ વર્ષની જેલસજા થઇ હતી.

થાણામાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા જતા આ સત્યાગ્રહીઓના લીડર કનકલતા અને અમલપ્રભાદાસ હતા અને તેમની પાછળ યુવક-યુવતીઓનું મોટું ટોળું થાણા તરફ આગળ વધી રહ્યું હતું. 'ઇન્કલાબ ઝિંદાબાદ', 'કરેંગે યા મરેંગે', 'સ્વરાજ અમારો હક્ક છે', અંગ્રેજો પાછા જાઓ ? વગેરે સૂત્રોથી વાતાવરણ ગાજી રહ્યું હતું.

આ પેદલયાત્રા જયારે થાણા નજીક પહોંચી ત્યારે થાણાની બહાર સેંકડો બંદૂકધારી સિપાઇઓ ઊભા હતા. સત્યાગ્રહીઓ સામે બંદૂક તાકીને તેમણે પાછા વળી જવા ગર્જના કરી. સિપાઇઓનું રૌદ્રસ્વરૂપ જોઇને સત્યાગ્રહીઓ ભયભીત થવા લાગ્યા ને ઊભા રહી ગયા કે તરત જ કનકલતાએ હાકલ કરીઃ ''જરા પણ ડર રાખ્યા વગર નીડરતાથી આગળ વધો અને ધ્યેય પ્રાપ્ત કરો. આપણે જે કાર્ય કરવાં માટે

આવ્યાં છીએ તે પરિપૂર્ણ થયાં પછી જ પાછાં વળવાનું છે. આ સિપાઈઓ કંઇ ઈશ્વરથી મોટાં નથી. આપણી સાથે ઈશ્વર છે જે આપણાં કાર્યને સફળ બનાવશે. આ સિપાઈઓની માલિકને વફાદાર રહેવું એ તેની નૈતિક ફરજ છે અને આપણે દેશને વફાદાર રહેવું એ આપણી ફરજ છે. માટે તમારા કદમ આગળ વધારો. જરા પણ ગભરાયા વગર થાણા અંદર ઘૂસી જાઓ''

કનકલતાની હાકલે ટોળું થાણાની અંદર ઘૂસી ગયું. કનકલતાએ કેટલાક સિપાઈઓના હાથમાં રહેલી બંદૂકો ખેંચી લીધી. ટોળાંને કાબૂ લેવા સિપાઈઓએ ગોળીબાર શરૂ કર્યો. તેમાં ઘણા સેનાનીઓ ઘવાયાં એક ગોળી કનકલતાની છાતી વીંધીને આરપાર નીકળી ગઈ. ને એ ઢળી પડી. તેણે મરતાં પહેલાં કહ્યું: ''અંગ્રેજોને ભારતમાંથી હાંક્યા વગર જંપશો નહિ. તમે મને વચન આપો કે ગોરાઓની વિદાય પછી જ એ જંપીશું. મારું વચન તમારાથી જો ન નીભાવાય તો મારી સમાધિ પર ફૂલો ચઢાવશો નહિં...'' આટલું બોલતાં જ તેના ખોળિયામાંથી પ્રાણપંખેરું ઊડી ગયું.

કનકલતાએ પોતાના જૂથની હજારો મહિલાઓના સાથથી અંગ્રેજોના છક્કા છોડાવ્યા હતાં. આસામમાં આ સંગ્રામને સફળ બનાવવા માટે કનકલતા બરૂઆને અમલપ્રભાદાસનો ખૂબ સહકાર મળ્યો હતો.

સને ૧૯૨૩માં ત્રીજા તબક્કામાં બોરસદ સત્યાગ્રહ શરૂ થયો અને ચોથા તબક્કામાં મીઠાનો કાયદો તોડવા સને ૧૯૩૦માં દાંડીકૂચ આરંભાઈ સાબરમતીથી દાંડી સુધી પદયાત્રા કરી ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે સરકાર દ્વારા વિપુલ પ્રમાણમાં પકવાતા મીઠાના ઢગલામાંથી ચપટી મીઠું ઉપાડી કાયદાનો ભંગ કર્યો કારણ કે અહીં મીઠું લેવાની, વેચવાની કે પકવવાની સખત મનાઈ હતી. જેનો ગાંધીજીએ ભંગ કર્યો.

૧૯૨૦થી ૧૯૪૭ સુધી સતત ચાલેલા સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનું તો ખૂબ મોટું યોગદાન હતું. વિદેશી કાપડ, વિદેશી દારૂના અડ્ડાઓ તથા વિદેશી માલસામાન વેચતી દુકાનો પર તેમણે અવિરત પિકેટિંગ કરી માલસામાનની હોળીઓ કરી હતી. દારૂના અડ્ડાઓ બંધ કરાવ્યા હતા.

પર્યાવરણની રક્ષા માટે સહકારી સંસ્થાઓની ભૂમિકા

પ્રસ્તાવના :

આધુનિક ઔદ્યોગિકરણ, વધતી વસ્તી, અંધાધૂંધ શહેરીકરણ અને કુદરતી સંસાધનોના અતિશય ઉપયોગના પરિણામે પર્યાવરણ પર ગંભીર અસર પડી રહી છે. હવા, પાણી અને જમીન પ્રદૂષણ, જલવાયુ પરિવર્તન, વનવિનાશ અને જૈવ વૈવિધ્યમાં ઘટાડો જેવી સમસ્યાઓ માનવ અસ્તિત્વ માટે મોટો પડકાર બની છે. આ પરિસ્થિતિમાં સહકારી સંસ્થાઓ સમુદાય આધારિત, લોકશાહી અને જવાબદાર માળખા દ્વારા પર્યાવરણની રક્ષા માટે અસરકારક ભૂમિકા ભજવી શકે છે. પર્યાવરણ સંરક્ષણ એટલે કુદરતી વાતાવરણનું રક્ષણ, પ્રદૂષણ અટકાવવું અને માનવીય પ્રવૃત્તિઓ દ્વારા પ્રકૃતિને થતું નુકસાન અટકાવી પૃથ્વીનું સંતુલન જાળવી રાખી ભવિષ્યની પેઢી માટે કુદરતી સંશાધનોનું જતન કરવું.

સંદિપકુમાર પી. ઠાકર
અધ્યાપક
શ્રી વૈકુંઠભાઈ મેહતા સહ.વ્ય.કેન્દ્ર, નારી
(ભાવનગર)

૧. સહકારી સંસ્થાઓની વિચારધારા અને પર્યાવરણ

સહકારી સંસ્થાઓ ''સ્વૈચ્છિક સભ્યતા, લોકશાહી નિયંત્રણ, સામૂહિક કલ્યાણ અને સમાજ પ્રત્યે જવાબદારી'' જેવા સિદ્ધાંતો પર આધારિત છે. પર્યાવરણ સંરક્ષણ સમાજના સર્વાંગી કલ્યાણ સાથે સીધું જોડાયેલું હોવાથી, સહકારી સંસ્થાઓની વિચારધારા સ્વાભાવિક રીતે પર્યાવરણ સંરક્ષણને સમર્થન આપે છે. સહકારની ભાવનાથી ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તનની અસરો ઘટાડવામાં અને શુદ્ધ હવા, પાણી અને ખોરાકને શુદ્ધ રાખવા અને તેનું સંવર્ધન કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

૨. કૃષિ સહકારી સંસ્થાઓ અને પર્યાવરણ સંરક્ષણ

ભારતમાં કૃષિ સહકારી સંસ્થાઓની વ્યાપક હાજરી છે. આ સંસ્થાઓ દ્વારા પર્યાવરણલક્ષી કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપી શકાય છે, જેમ કેઃ

- જૈવિક અને કુદરતી ખેતીનો પ્રસાર
- રાસાયણિક ખાતર અને કીટનાશકોના

સંતુલિત ઉપયોગ અંગે માર્ગદર્શન

- માટી પરીક્ષણ અને માટી આરોગ્ય કાર્ડનો ઉપયોગ
- પાક ફેરફાર (Crop Rotation) અને મિશ્ર ખેતી
- પાણી બચત માટે ડ્રિપ અને સ્પ્રિન્કલર સિસ્ટમ

આ પગલાંથી જમીનની ઉપજાઉ શક્તિ જળવાઈ રહે છે અને પર્યાવરણને નુકસાન ઓછું થાય છે.

૩. જળ અને વન સંરક્ષણમાં સહકારી સંસ્થાઓ

જળ ઉપયોગકર્તા સહકારી મંડળીઓ અને વન સહકારીઓ પર્યાવરણ સંરક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

- વરસાદી પાણી સંચય અને તળાવ પુનર્જીવન
- નદી, તળાવ અને ભૂગર્ભ જળનું સંરક્ષણ
- સામૂહિક વૃક્ષારોપણ અને વન પુનઃસ્થાપન
- સ્થાનિક જંગલો અને જૈવ વૈવિધ્યનું સંરક્ષણ સમુદાયની સીધી ભાગીદારીને કારણે આ પ્રયત્નો વધુ ટકાઉ બને છે.

૪. દૂધ, ખાંડ અને ઔદ્યોગિક સહકારી સંસ્થાઓની જવાબદારી

દૂધ, ખાંડ અને અન્ય ઉદ્યોગ આધારિત સહકારી સંસ્થાઓ પર્યાવરણ પર સીધી અસર કરે છે.

આ સંસ્થાઓ દ્વારાઃ

- ગંદા પાણીનું શુદ્ધિકરણ (Effluent Treatment)
- કચરા વ્યવસ્થાપન અને રિસાયક્લિંગ
- બાયોગેસ પ્લાન્ટ અને નવિનીકરણીય ઊર્જાનો ઉપયોગ
- ઊર્જા કાર્યક્ષમ યંત્રોનો ઉપયોગ
- કાર્બન ઉત્સર્જનમાં ઘટાડા માટે પગલાં

આ રીતે ઔદ્યોગિક વિકાસ સાથે પર્યાવરણ સંરક્ષણનું સંતુલન જળવાઈ શકે છે.

૫. સહકારી બેંકો અને હરિત નાણાંકીય સહકાર

સહકારી બેંકો પર્યાવરણમિત્ર યોજનાઓને નાણાંકીય સહાય આપી શકે છેઃ

- સોલાર પંપ, સોલાર રૂફટોપ માટે લોન
- ઊર્જા બચત સાધનો અને ઈલેક્ટ્રિક વાહનો માટે ધિરાણ

- પર્યાવરણમિત્ર ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન
- "ગ્રીન ફાઈનાન્સ" અને "સસ્ટેનેબલ લોન"ની શરૂઆત આ રીતે નાણાંકીય ક્ષેત્ર પર્યાવરણ સંરક્ષણનો સહભાગી બને છે.

૬. જાગૃતિ, શિક્ષણ અને તાલીમ

સહકારી સંસ્થાઓ ગ્રામ સ્તરે જાગૃતિ ફેલાવવાનું શક્તિશાળી માધ્યમ છેઃ

- પર્યાવરણ શિક્ષણ અને તાલીમ કાર્યક્રમો
- પ્લાસ્ટિક મુક્ત ગામ અભિયાન
- સ્વચ્છતા, કચરા અલગકરણ અને રિસાયક્લિંગ
- યુવા અને મહિલાઓની સક્રિય ભાગીદારી

જાગૃતિ દ્વારા પર્યાવરણ સંરક્ષણ એક સામાજિક આંદોલન બની શકે છે.

૭. પડકારો

પર્યાવરણ સંરક્ષણ માટે સહકારી સંસ્થાઓ સામે કેટલાક પડકારો છેઃ

- નાણાંકીય મર્યાદા
- ટેકનિકલ જ્ઞાન અને કુશળતાનો અભાવ
- સભ્યોમાં પૂરતી જાગૃતિનો અભાવ
- ટૂંકાગાળાના નફા સામે લાંબા ગાળાના લાભોની અવગણના

આ પડકારો દૂર કરવા તાલીમ, નીતિ સહાય અને સંસ્થાકીય મજબૂતી જરૂરી છે.

૮. ભવિષ્યની દિશા : હરિત સહકાર

ભવિષ્યમાં સહકારી સંસ્થાઓએ "હરિત સહકાર" (Green Cooperative)ની કલ્પનાને અપનાવવી પડશે. પર્યાવરણ સંરક્ષણને સંસ્થાની વ્યૂહરચનાનો અવિભાજ્ય ભાગ બનાવવાથી ટકાઉ વિકાસ હાંસલ કરી શકાય છે. સરકાર, સહકારી સંસ્થાઓ અને સમાજ વચ્ચે સહયોગ જરૂરી છે.

૯. ઉપસંહાર

સહકારી સંસ્થાઓ માત્ર આર્થિક વિકાસનું સાધન નથી, પરંતુ સામાજિક અને પર્યાવરણલક્ષી જવાબદારીનું મજબૂત માધ્યમ છે. સામૂહિક પ્રયાસ, લોકશાહી વ્યવસ્થાપન અને સમાજ પ્રત્યેની જવાબદારી દ્વારા સહકારી સંસ્થાઓ પર્યાવરણની રક્ષા માટે અસરકારક ભૂમિકા ભજવી શકે છે. ટકાઉ અને સુરક્ષિત ભવિષ્ય માટે સહકારી ચળવળને પર્યાવરણ સંરક્ષણ સાથે જોડવું અનિવાર્ય છે. "જય સહકાર"

યોગદર્શન

૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

સુખાકારી, શાશ્વત અને વિશ્વશાંતિ માટે યોગ

માત્ર ઉજવણીના દિવસે જ યોગ
પ્રવૃત્તિ કરીને સંતોષ
માનવાને બદલે ૩૬૫ દિવસને
યોગમય બનાવીએ

'યોગદર્શન' લેખમાળામાં અષ્ટાંગયોગનાં પાંચ પગથિયાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર અંગે વાત કરી. આ લેખમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંગે જોઈશું. યોગ એ ભારતના ઋષિમુનિઓ દ્વારા વિશ્વને મળેલ અણમોલ ભેટ છે. યોગ આધ્યાત્મિક અનુશાસન અને અત્યંત સૂક્ષ્મ વિજ્ઞાન પર આધારિત જ્ઞાન છે. જે મન અને શરીર વચ્ચે સામંજસ્ય સ્થાપિત કરે છે. યોગ સ્વસ્થ જીવન જીવવાની કળા અને વિજ્ઞાન છે. સંસ્કૃત 'યુજ' ધાતુ પરથી યોગ શબ્દ બન્યો છે. યોગ એટલે મિલન કે જોડાવું. જીવનું શિવ સાથેનું જોડાવું એટલે યોગ. આત્માનું પરમાત્મા સાથેનું મિલન એટલે યોગ. ભારતવર્ષના પ્રાચીન ગ્રંથોમાં યોગવિદ્યા, બ્રહ્મવિદ્યા અંગે ખૂબ જ છણાવટ કરવામાં આવી છે. યોગ અંગેના ગ્રંથો અનુસાર યોગ અભ્યાસ વ્યક્તિગત ચેતનાને સાર્વભૌમિક ચેતનાની સાથે એકાકાર કરે છે. આધુનિક વૈજ્ઞાનિકોના મતાનુસાર બ્રહ્માંડમાં જે કાંઈ પણ છે તે પરમાણુનું પ્રકટીકરણ માત્ર છે. જેથી યોગમાં આ અસ્તિત્વના એકત્વનો અનુભવ, અનુભૂતિ કરી લીધી છે, તેને યોગી કહેવાય છે. યોગી પૂણ સ્વતંત્રતા પ્રાપ્ત કરી મુક્તાવસ્થાને પ્રાપ્ત કરે છે. જેને મોક્ષ,મુક્તિ, નિર્વાણ કે કૈવલ્ય કહેવામાં આવે છે.

કિરણ ચાંપાનેરી (યોગ સાધક)
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ - ૪૬
મો. ૯૬૬૨૮૩૩૨૬૮

ભારતવર્ષની આ અમૂલ્ય યોગવિધા, યોગદર્શનનો પરિચય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વને કરાવ્યો છે. ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી દ્વારા વિશ્વના જનસમુદાયને યોગ પ્રત્યે જાગૃત કર્યા...આધ્યાત્મિક ઉધ્વર્ગમન અને શરીર સ્વાસ્થ્યમાં યોગના વિચારને જનમાનસ સુધી પહોંચાડ્યો. આગામી ૨૧મી જૂન ૨૦૨૬ રોજ "સુખાકારી, શાણપણ અને વિશ્વશાંતિ માટે યોગ" વિષયવસ્તુ આધારે બારમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે... આ થિમ યોગને શારીરિક સ્વાસ્થ્ય એટલે કે સુખાકારી, શાણપણ

અને વૈશ્વિક સંવાદિતા સાથે જોડવા પર કેન્દ્રિત છે. વર્ષ ૨૦૨૬ની થીમ તણાવને દૂર કરવા, સ્વજાગૃતિને પ્રોત્સાહન અને સામૂહિક સુખાકારીને આપવા માટે યોગને દૈનિક રોજિંદા જીવનમાં નિયમિત અપનાવવા ઉપર ભાર મૂકે છે. આંતરિક શાંતિ અને માનસિક સ્વાસ્થ્ય કેળવવામાં યોગની ભૂમિકાને પ્રકાશિત કરે છે. આ થીમ યોગને રોજિંદા જીવનવ્યવહાર સાથે સાંકળવાને પ્રોત્સાહન આપે છે. માત્ર ઉજવણીના દિવસે જ યોગ પ્રવૃત્તિ કરીને સંતોષ માનવાને બદલે ૩૬૫ દિવસને યોગમય બનાવીએ.

સમગ્ર વિશ્વમાં સને ૨૦૧૫ થી ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો. આ યોગ દિવસની ઉજવણીનો પ્રારંભ કઈ રીતે થયો તે અંગેની રસપ્રદ વિગતો જાણીએ. આપણા ભારત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૪ રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાના ૬૯મા સત્રના સંબોધનમાં યોગનો મહિમા વર્ણવી વિશ્વ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવા આહ્વાન કરતા જણાવ્યું હતું કે, ‘‘યોગ પ્રાચીન ભારતીય પરંપરા તથા સંસ્કૃતિની અણમોલ ભેટ છે. યોગ અભ્યાસ શરીર અને મન, વિચાર અને કર્મ, આત્મસંયમ અને પૂર્ણતાની એકાત્મકતા અને માનવ તથા પ્રકૃતિ વચ્ચે સામંજસ્ય સ્થાપે છે. યોગ સ્વસ્થ્ય અને કલ્યાણનો પૂર્ણતાવાદી દૃષ્ટિકોણ છે. યોગ માત્ર વ્યાયામ નથી,પરંતુ પોતાની જાત સાથે,વિશ્વ અને પ્રકૃતિની સાથે એકત્વ શોધવાનો માર્ગ છે. યોગ આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવીને આપણામાં જાગૃતતા પેદા કરે છે. અને પ્રાકૃતિક પરિવર્તનોથી શરીરમાં થનાર બદલાવોને સહન કરવામાં સહાયક બની શકે છે...આવો આપણે બધાં સાથે મળીને યોગને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રૂપે સ્વીકાર કરવાની દિશામાં કાર્ય કરીએ...’’ આ મનનીય ભાષણ પછી, ૧૧મી ડિસેમ્બર ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્ર સંઘ મહાસભાના ૧૯૩, સભ્ય દેશોમાંથી ૧૭૭ દેશોના સમર્થન સાથે ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનો સંકલ્પ સર્વસંમતિ સાથે પસાર કરવામાં આવ્યો. આ સંકલ્પમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ મહાસભાએ સ્વીકાર કર્યા કે યોગ સ્વાસ્થ્ય માટે તથા કલ્યાણ માટે પૂર્ણતાવાદી દૃષ્ટિકોણ પ્રદાન કરે છે. યોગ વિશ્વ જનસમુદાયના સ્વાસ્થ્ય માટે તથા તેમના લાભ માટે વિસ્તૃત રૂપે કાર્ય કરશે. યોગ જીવનના બધા પાંસાઓમાં સામંજસ્ય સ્થાપે છે અને એટલા માટે બીમારી અટકાવવા,સ્વાસ્થ્ય સંવર્ધન અને જીવન શૈલી સંબંધી ઘણાં વિકારોના ઉકેલ માટે યોગને જાણવામાં આવે છે.

૨૧મી જૂનનો દિવસ એ ઉત્તરીય ગોળાર્ધમાં સૌથી લાંબો દિવસ છે અને આ જ કારણે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ મનાવવાનું સૂચન કરેલું અને તેનો સહર્ષ સ્વીકાર પણ કરવામાં આવ્યો. ત્યાર

પછીના વર્ષે ૨૦૧૫માં ૨૧મી જૂને સમગ્ર વિશ્વમાં ''સંવાદિતા અને શાંતિ માટે યોગ'' થીમ આધારે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ, સને ૨૦૧૮માં બીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ''ટકાઉ વિકાસ લક્ષ્યોની સિદ્ધિ માટે યોગ'' થીમ આધારે કરવામાં આવી. સને ૨૦૧૭માં ''સ્વાસ્થ્ય માટે યોગ'' થીમ આધારે તૃતીય આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સને ૨૦૧૮માં ''શાંતિ માટે યોગ થીમ આધારે ચોથો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો. સને ૨૦૧૯માં પાંચમા આંતરરાષ્ટ્રીય યોગ'' દિવસની ઉજવણી ''હૃદય માટે યોગ'' થીમ આધારિત કરવામાં આવી હતી. સને ૨૦૨૦માં આખું વિશ્વ કોવિડ-૧૯ની મહામારીમાં સપડાયેલ હતું. એટલે સમય અને સંજોગ પ્રમાણે ઘરે યોગ અને પરિવાર સાથે યોગ થીમ આધારે છઠ્ઠા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ હતી. સાતમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સને ૨૦૨૧માં ''સુખાકારી માટે યોગ'' થીમ આધારે ઉજવાયો. સને ૨૦૨૨માં આઠમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ''માનવતા માટે યોગ'' થીમ આધારિત ઉજવાયો. સને ૨૦૨૩માં નવમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ''વસુધૈવ કુટુંબકમ માટે યોગ'' થીમ આધારિત ઉજવાયો. સને ૨૦૨૪માં દસમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ''સ્વ અને સમાજ માટે યોગ'' થીમ આધારિત ઉજવાયો. સને ૨૦૨૫માં અગિયારમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ''એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ'' થીમ આધારિત ઉજવાયો.

ભારત દેશમાં નવી દિલ્હી વિજ્ઞાન ભવન, ગુજરાતમાં ગાંધીનગર અને વિવિધ યોગ કાર્યક્રમોના આયોજનથી ૧૩મી માર્ચ ૨૦૨૬થી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીના ૧૦૦ દિવસના કાઉન્ટડાઉનનો પ્રારંભ થયો. ગુજરાતમાં તો ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૩મી માર્ચ ૨૦૨૬, બારમા આંતરરાષ્ટ્રી યોગ દિવસ ઉજવણીની તૈયારી તો ૧૪મી જાન્યુઆરી ૨૦૨૩ થી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને થઈ રહી છે. યોગનો વિચાર વધુ અને વધુ જનમાનસ સુધી પહોંચે તે માટે રાજ્ય યોગ બોર્ડ અને તેની સાથે સંકળાયેલ યોગ કોર્ડિનેટર,યોગ કોચ,યોગ ટ્રેનર અને યોગ બોર્ડની પૂરી ટીમ દ્વારા સોસાયટીઓ સુધી જઈને આયુષ મંત્રાલયે સૂચવેલ કોમન યોગ પ્રોટોકોલ પ્રમાણે અભ્યાસ કાર્યક્રમ, યોગ શિબિર, યોગ તાલીમ વર્ગનું આયોજન થઈ રહ્યું છે... ચાલો આપણે સૌ સાથે મળી બારમા યોગ દિવસની ઉજવણી શાનદાર રીતે કરીએ અને યોગને ૩૬૫ દિવસ આપણા જીવનમાં અપનાવી આપણે સ્વસ્થ રહીએ, પરિવારને સ્વસ્થ બનાવીએ, સમાજને સ્વસ્થ અને રાષ્ટ્રને સ્વસ્થ બનાવી યોગમાધ્યમથી ''માનવતા''ની મહેક પ્રસરાવીએ... ઓમ.

ડિજિટલાઈઝેશન

ડિજિટલ યુગમાં ખરીદ-વેચાણ સંઘ : ઓનલાઈન વેચાણ અને ઈ-માર્કેટિંગ

પ્રસ્તાવના :

આજના યુગને "ડિજિટલ યુગ" કહેવામાં આવે છે. જીવનના દરેક ક્ષેત્રમાં ડિજિટલાઈઝેશન પ્રવેશી ગયું છે. વેપાર-વાણિજય, ખેતી, ઉદ્યોગ, શિક્ષણ અને બેંકિંગ-બધે જ ઓનલાઈન ટેકનોલોજીથી મોટા બદલાવ જોવા મળે છે. ખરીદ-વેચાણ સંઘો (Marketing Societies/Purchase & Sale Unions) પણ હવે માત્ર પરંપરાગત પદ્ધતિઓથી સીમિત નથી રહ્યા. તેઓએ ઓનલાઈન પ્લેટફોર્મ અને ઈ-માર્કેટિંગ અપનાવીને સભ્યો તેમજ ગ્રાહકોને નવી સુવિધાઓ પૂરી પાડવાનું શરૂ કર્યું છે.

- **ઓનલાઈન વેચાણનો અર્થ :**

ઓનલાઈન વેચાણ એ એવી વ્યવસ્થા છે કે, જેમાં ગ્રાહકોને વસ્તુઓ અથવા સેવાઓ ઈન્ટરનેટ દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે અને ઓર્ડર મુજબ સીધા ઘરે પહોંચાડવામાં આવે છે. પરંપરાગત દુકાનોની તુલનામાં અહીં સમય, અંતર અને ખર્ચમાં ઘણી બચત થાય છે.

અંકિત યુ. ભટ્ટ
સી.ઈ.આઈ.
શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર
નારી, ભાવનગર
મો. ૯૭૧૪૨૪૧૪૧૫

૧. ખરીદ-વેચાણ સંઘોની પરંપરાગત ભૂમિકા :

- ખેડૂતો પાસેથી કૃષિ ઉપજ ખરીદવી અને યોગ્ય ભાવે બજારમાં વેચાણ કરવું.
- ખાતર, બીજ, દવા, સાધનો વગેરે સભ્યોને સસ્તા દરે ઉપલબ્ધ કરાવવું.
- સ્થાનિક સ્તરે ગોડાઉન, તોલકાંટા, પરિવહન અને બજારની વ્યવસ્થા કરવી.
- આ પરંપરાગત સેવાઓ ઉપયોગી તો છે, પરંતુ સમયની માંગ અનુસાર તેને આધુનિક બનાવવા જરૂરી છે.

૨. ડિજિટલ યુગમાં બદલાતી જરૂરિયાત :

- ગ્રાહકો હવે ઓનલાઈન પ્લેટફોર્મ પર ખરીદી કરે છે.
- ખેડૂતોને સીધા બજાર (Direct Market Linkage) સાથે જોડવાની જરૂર છે.
- પારદર્શિતા, ઝડપ, સ્પર્ધાત્મક ભાવ અને સરળ ચુકવણી એ મુખ્ય માપદંડો બની ગયા છે.
- આ બદલાતી પરિસ્થિતિમાં જો ખરીદ-વેચાણ સંઘો ડિજિટલ માધ્યમ અપનાવે તો તેઓ વધુ પ્રગતિ કરી શકે છે.

૩. ઓનલાઈન વેચાણની તક (Opprotunities of Online Selling) :

- ઈ-કોમર્સ પોર્ટલઃ સંઘ પોતાના ઈ-પોર્ટલ દ્વારા ખાતર, બીજ, કીટનાશક દવા, કૃષિ સાધનો વેચી શકે.
- કૃષિ ઉપજનું ઓનલાઈન વેચાણઃ ખેડૂતો પાસેથી ખરીદેલી દાળ, ઘઉં, ચોખા, મગફળી વગેરેની ઓનલાઈન બોલી લગાવી શકાય.
- B2B અને B2C મોડલઃ વેપારીઓ (Business to Business) તેમજ ગ્રાહકો (Business to Customer) સુધી સીધી પહોંચ.
- ડિજિટલ પેમેન્ટ સિસ્ટમઃ સભ્યોને તરત ચુકવણી, પારદર્શિતા અને વિશ્વાસ વધે.

૪. ઈ-માર્કેટિંગનું મહત્ત્વ :

- ઈ-માર્કેટિંગ એટલે કે ડિજિટલ માધ્યમથી ઉત્પાદન અને સેવાઓનો પ્રચાર-પ્રસાર.
- સોશિયલ મીડિયા માર્કેટિંગ : Whatsapp, Facebook, Instagram દ્વારા ઉત્પાદનનો પ્રચાર.
- **વેબસાઈટ અને મોબાઈલ એપ :** સંઘની પોતાની એપ કે વેબસાઈટ દ્વારા સભ્યોને માહિતી.
- **ઈ-બોલી (E-auction) :** ખેડૂતોની ઉપજનું ઉચ્ચ ભાવે વેચાણ કરવા ઓનલાઈન ઓક્શન.
- ઈ-મેઈલ/SMS માર્કેટિંગ : સભ્યોને ઓફર, ભાવ, સ્ટોક અને યોજનાઓની માહિતી.

૫. ખરીદ-વેચાણ સંઘ માટે ડિજિટલ માધ્યમના લાભો :

- વિસ્તૃત બજાર : સ્થાનિક બજારની મર્યાદા દૂર થઈને ઉત્પાદનો રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે વેચાઈ શકે છે.
- મધ્યસ્થી વિના વેચાણ : ખેડૂતો કે નાના ઉત્પાદકો સીધા ગ્રાહકો સુધી પહોંચે છે.
- ખર્ચમાં બચત : દુકાન ભાડા, સ્ટાફ ખર્ચ વગેરે ઓછા થાય છે.
- ઝડપી પ્રચાર : સોશિયલ મીડિયા મારફતે હજારો લોકોને એકસાથે માહિતી પહોંચાડવી શક્ય બને છે.
- ગ્રાહક પ્રતિસાદ : ઓનલાઈન રિવ્યુ અને કોમેન્ટ્સથી ગ્રાહકોની જરૂરિયાતો સમજવામાં સરળતા થાય છે.

૬. ખરીદ-વેચાણ સંઘોને થતા ફાયદા :

- સભ્યોને લાભઃ ખેડૂતોને યોગ્ય ભાવ, ઝડપી ચુકવણી, સીધું બજાર સાથે જોડાણ.
- સંઘને નફોઃ બજારનો વિસ્તાર, ખર્ચમાં ઘટાડો, સ્પર્ધાત્મક શક્તિ.
- ગ્રાહકોને સગવડઃ ગુણવત્તાસભર વસ્તુઓ ઓનલાઈન ઓર્ડરથી ઘેર પહોંચ.
- પારદર્શિતાઃ નફો-નુકસાનનો સ્પષ્ટ હિસાબ અને સભ્યોનો વિશ્વાસ વધે.

૭. ખરીદ-વેચાણ સંઘ માટે તકો :

- સ્થાનિક ઉત્પાદનને વૈશ્વિક બજારમાં પહોંચાડવું.
- સભ્યોને વધારે ભાવ પ્રાપ્ત થવો (Middlemen દૂર થતા).
- ડિજિટલ પેમેન્ટ્સ દ્વારા પારદર્શક વ્યવહાર.
- ગ્રાહક સાથે સીધો સંવાદ અને Feedback મેળવવો.
- સરકારના ONDC (Open Network for Digital Commerce) જેવી યોજનાઓનો લાભ.

૮. ભલામણો :

- **ડિજિટલ તાલીમ કાર્યક્રમો :** સભ્યોને E-Commerce, Social Media Marketing, UPI Payments વિશે શિક્ષણ.
- **સરકારી સહાય અને નીતિ સહયોગ :** સંઘો માટે ONDC, GeM (Government e-Marketplace) જેવા પ્લેટફોર્મ પર Onboarding સરળ બનાવવી.
- **લોજિસ્ટિક્સ માળખું મજબૂત કરવું :** રાજ્ય અને જિલ્લા સ્તરે Cold Storage, Transport Hubs.
- **સાઈબર સુરક્ષા ઉપાયો :** strong passwords, two-factor authentication, data protection training.
- Brand Development : સંઘનાં ઉત્પાદનો માટે એકરૂપ બ્રાન્ડિંગ અને certification.

૯. પડકારો અને ઉકેલ :

- **ટેકનોલોજીનો અભાવ :** તાલીમ દ્વારા સભ્યોને ડિજિટલ સાક્ષર બનાવવું.
- **ઈન્ટરનેટ સુવિધા :** ગ્રામ્ય વિસ્તારોમાં સારો નેટવર્ક ઉપલબ્ધ કરાવવો.
- **સ્પર્ધા :** ખાનગી ઈ-કોમર્સ કંપનીઓ સાથે સ્પર્ધા કરવા સંઘોએ પોતાનો બ્રાન્ડ મજબૂત કરવો.
- **સુરક્ષા :** ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં સાયબર સુરક્ષા જાળવવી.

૧૦. ભવિષ્યના માર્ગ :

- "કૃષિ ઈ-માર્કેટપ્લેસ" બનાવીને ખેડૂતોને સીધા ગ્રાહકો સાથે જોડવા.
- Artificial Intelligence (AI) અને Data Analytics દ્વારા બજાર ભાવની આગાહી.
- ડિજિટલ ગોડાઉન મેનેજમેન્ટ સિસ્ટમ.
- સરકારની સહાયથી "કૃષિ ઈ-કોમર્સ કો-ઓપરેટિવ પોર્ટલ" શરૂ કરવો.

ઉપસંહાર :

ડિજિટલ યુગે ખરીદ-વેચાણ સંઘોને નવી દિશા આપી છે. ઓનલાઈન વેચાણ અને ઈ-માર્કેટિંગ દ્વારા સંઘો ખેડૂતોને ન્યાયી ભાવ, ગ્રાહકોને વિશ્વસનીય સેવા અને સંઘને આર્થિક મજબૂતી આપી શકે છે. જો યોગ્ય આયોજન, તાલીમ અને ટેક્નોલૉજીનો ઉપયોગ થાય તો ભવિષ્યમાં ખરીદ-વેચાણ સંઘો ગ્રામ્ય અર્થતંત્રના મજબૂત સ્તંભ બની શકે છે.

પર્યાવરણ સુરક્ષા

જૈવિક વિવિધતાનું સંરક્ષણ નહીં કરીએ તો આપણું અસ્તિત્વ પણ જોખમાશે

મહેશ પંડ્યા

જૈવિક વિવિધતા અથવા જૈવવિવિધતા (Biodiversity) એ પૃથ્વી પર અસ્તિત્વ ધરાવતા જીવનની વિવિધતા છે. જમીનો અને બેક્ટેરિયાથી લઈને જંગલો અથવા પરવાળાના ખડકો જેવાં તેનાં તમામ સ્વરૂપોમાં સમગ્ર ઈકોસિસ્ટમનો સમાવેશ થાય છે. આજે આપણે જે જૈવવિવિધતા જોઈએ છીએ તે ૪.૫ અબજ વર્ષોની ઉત્ક્રાંતિનું પરિણામ છે. પરંતુ માનવો દ્વારા વધુ ને વધુ જૈવિક વિવિધતા નકારાત્મક પ્રભાવિત થઈ રહી છે. જૈવવિવિધતા જીવનનું એક એવું નેટવર્ક બનાવે છે, જેના પર આપણે ઘણી બધી બાબતો માટે આધાર રાખીએ છીએ. ખોરાક, પાણી, દવા, સ્થિર આબોહવા, આર્થિક વિકાસ, અને અન્ય. વૈશ્વિક GDP ના અડધાથી વધુ ભાગ કુદરત પર આધારિત છે. ૧ અબજથી વધુ લોકો તેમની આજીવિકા માટે જંગલો પર આધાર રાખે છે. જમીન અને સમુદ્રમાં કાર્બન ઉત્સર્જનમાંથી અડધાથી વધુ શોષી લે છે. પરંતુ આજે માનવીય દખલગીરીથી પ્રકૃતિ સંકટમાં છે. અસંખ્ય પ્રજાતિઓનો નાશ થયો છે અને દસ લાખ જેટલી પ્રજાતિઓ લુપ્ત થવાનો ભય છે. એમેઝોન રેઈનફોરેસ્ટના ભાગો જેવા અનિવાર્ય ઈકોસિસ્ટમ વન-નાબૂદીને કારણે કાર્બન સિન્કમાંથી કાર્બન સ્રોતોમાં ફેરવાઈ રહ્યા છે. ૮૫ ટકા ભીનાં મેદાનો, જેમ કે મીઠાં કળણ (Salt marsh) અને સુંદરીનાં વન (તન્વર) જે મોટા પ્રમાણમાં કાર્બન શોષી લે છે તે અદશ્ય થઈ ગયાં છે.

જૈવવિવિધતાના નુકસાનનું મુખ્ય કારણ માનવ દ્વારા જમીનનો ઉપયોગ મુખ્યત્વે ખોરાક ઉત્પાદન માટે થયો માનવપ્રવૃત્તિએ પહેલેથી જ બરફ-મુક્ત જમીનના ૭૦ ટકાથી વધુ હિસ્સાને બદલી નાખ્યો છે. જ્યારે જમીનને ખેતી માટે રૂપાંતરિત કરવામાં આવે છે ત્યારે કેટલાંક પ્રાણીઓ અને વનસ્પતિ પ્રજાતિઓ તેમનાં રહેઠાણ ગુમાવ્યાં છે અને હજુ પણ ગુમાવી શકે છે તેમજ લુપ્ત થવાનો સામનો કરી શકે

છે. પરંતુ અન્ન ઉત્પાદન તે માણસની પાયાની જરૂરિયાત છે. અલબત્ત, અનાજનો ખોરાક તરીકે ઉપયોગ કરતાં બગાડ વધારે થાય છે. આપણી પાસે સુસજ્જ ગોડાઉનો ન હોવાથી વિષમ આબોહવામાં અનાજ સડી જાય છે. આપણે તૈયાર થયેલા ખોરાકનો પણ બગાડ બહુ કરીએ છીએ. આ બન્ને ઉપર લક્ષ કેન્દ્રિત કરીશું તો ભૂખ્યાને ભોજન મળશે અને જૈવવિવિધતાને ઓછી હાનિ થશે. વળી જમીનોની ફળદ્રુપતા પણ ટકાવી શકાશે.

આબોહવા પરિવર્તન જૈવવિવિધતાના ઘટાડામાં વધુને વધુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. અલબત્ત, જૈવવિવિધતા ઘટવાને લીધે પણ આબોહવા પરિવર્તનમાં વધારો નોંધાયો છે. આબોહવા પરિવર્તને વિશ્વભરમાં દરિયાઈ, ભૂમિ અને મીઠા પાણીના ઈકોસિસ્ટમને બદલી નાખ્યા છે. તેનાથી સ્થાનિક પ્રજાતિઓનું નુકસાન થયું છે, રોગોમાં વધારો થયો છે. છોડ અને પ્રાણીઓનો મોટાપાયે નાશ થયો છે, પરિણામે આબોહવા સંચાલિત પ્રજાતિઓ લુપ્ત થઈ છે. જમીન પર ઊંચા તાપમાનને લીધે પ્રાણીઓને ઉચ્ચ અક્ષાંશો તરફ જવાની ફરજ પડી છે, ઘણા પૃથ્વીના ધ્રુવો તરફ આગળ વધી રહ્યા છે, જેના કારણે ઈકોસિસ્ટમ માટે દૂરગામી પરિણામો આવ્યાં છે. દરેક ડિગ્રી ગરમી સાથે પ્રજાતિઓના લુપ્ત થવાનું જોખમ વધે છે.

આબોહવા પરિવર્તનને મર્યાદિત કરવા માટે જૈવવિવિધતા એટલા માટે જરૂરી છે કે જ્યારે માનવપ્રવૃત્તિઓ ગ્રીનહાઉસ વાયુઓ ઉત્પન્ન કરે છે, ત્યારે લગભગ અડધો ઉત્સર્જન વાતાવરણમાં રહે છે, જ્યારે બાકીનો અડધો ભાગ જમીન અને મૂળ દ્વારા શોષાય છે. આ ઈકોસિસ્ટમ્સ અને તેમાં રહેલી જૈવવિવિધતા - કુદરતી કાર્બન સિનક છે.

પીટલેન્ડ્સ - ભેજવાળી જમીન વિશ્વની માત્ર ૩ ટકા જમીનને આવરી લે છે, પરતુ તેઓ બધા જંગલો કરતાં બમણું કાર્બન સંગ્રહ કરે છે. પીટલેન્ડ્સનું સંરક્ષણ અને પુનઃસ્થાપન કરવાનો અર્થ એ છે કે તેમને ભીના રાખવા જેથી કાર્બન ઓક્સિડાઈઝ ન થાય અને વાતાવરણમાં તરતો ન રહે.

સીગ્રાસ અને મેન્ગ્રોવ્સ જેવાં સમુદ્રી નિવાસસ્થાનો પણ વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડને જમીન પરનાં જંગલો કરતાં ચાર ગણા વધુ દરે અલગ કરી શકે છે. કાર્બન શોષવાની અને સંગ્રહિત કરવાની તેમની ક્ષમતા આબોહવા પરિવર્તન સામેની

લડાઈમાં મેન્ગ્રોવ્સને ખૂબ મૂલ્યવાન બનાવે છે.

કાર્બન ઉત્સર્જનને મર્યાદિત કરવા અને પહેલેથી જ બદલાતી આબોહવાને અનુકૂલન કરવા માટે જમીન અને પાણીમાં કુદરતી જગ્યાઓનું સંરક્ષણ અને પુનઃસ્થાપન કરવું જરૂરી છે. આગામી દાયકામાં જરૂરી ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડામાંથી લગભગ એક તૃતીયાંશ ભાગ કુદરતની ઉત્સર્જન શોષણ કરવાની ક્ષમતામાં સુધારો કરીને પ્રાપ્ત કરી શકાય છે. એટલે સંયુક્ત રાષ્ટ્રસંઘને જૈવવિવિધતા પરિષદ અને સંમેલનની (Convention on Biological Diversity-CBD) જરૂરિયાત લાગી. ઘટી રહેલી વિવિધ જીવસૃષ્ટિ અને જૈવવિવિધતા ચિંતાનો વિષય છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમે નવેમ્બર ૧૯૮૮માં જૈવિક વિવિધતા પરના નિષ્ણાતોના એડહોક વર્કિંગ ગ્રૂપનું આયોજન કર્યું હતું. ફેબ્રુઆરી ૧૯૯૧ સુધીમાં UN એ એડહોક વિંગ ગ્રૂપ બનાવ્યું. ત્યારબાદ આતર-સરકારી વાટાઘાટો સમિતિ (Intergovernmental Negotiation committee-INC)ની રચના કરાઇ. તેનું કાર્ય ૨૨ મે ૧૯૯૨ના રોજ જૈવિક વિવિધતા પરના સંમેલનના મુસદ્દાને અપનાવવા માટે નૈરોબી પરિષદ સાથે પૂર્ણ થયું. જૈવિક વિવિધતા પરનું સંમેલન વિશ્વ સમુદાયની ટકાઉ વિકાસ પ્રત્યે વધતી જતી પ્રતિબદ્ધતાથી પ્રેરિત હતું. તે જૈવિક વિવિધતાના સંરક્ષણ, તેના ઘટકોના ટકાઉ ઉપયોગ અને આનુવંશિક સંસાધનોના ઉપયોગથી લોકોને લાભોની વાજબી અને સમાન વહેંચણી કરવા માટેની પહેલ છે.

વૈશ્વિક-સ્તરે માનવપ્રવૃત્તિ જૈવ-વિવિધતામાં પરિવર્તન અને ઘટાડો લાવી રહી છે. જેના મુખ્ય સીધા કારણો જમીન, જળસ્ત્રોતો અને સમુદ્રના ઉપયોગમાં ફેરફાર છે. જૈવવિવિધતામાં ઘટાડાથી એકબીજા સાથે જોડાયેલા કુદરતી અને માનવ-પ્રણાલિઓ માટે ઊભા થયેલા જોખમના સ્તરને આંતરરાષ્ટ્રીય, સંકલિત પગલાંની જરૂર છે. સમુદાયો અને અર્થતંત્રો કુદરતી સંસાધનોને આધારે નક્કી કરવામાં આવે છે અને તેના પર નિર્ભર હોવાથી જૈવિક વિવિધતા પરના સંમેલનના ઉદ્દેશો સામાજિક અને આર્થિક પાસાઓનો સમાવેશ કરે છેઃ (i) જૈવિક વિવિધતાનું સંરક્ષણ, (ii) તેના ઘટકોનો ટકાઉ ઉપયોગ, અને (iii) જૈવિક વિવિધતાના લાભોની વાજબી અને સમાન વહેંચણી. સંમેલનનાં જૈવવિવિધતા લક્ષ્યોને પૂર્ણ કરવાથી આબોહવા પરિવર્તન ઘટાડવા અને અનુકૂલન સાધવામાં પણ મદદ

મળે છે. ૨૦૨૧માં, COP26-તે વર્ષે ગ્લાસગોમાં યોજાયેલી UN ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં પહેલીવાર આવા ફોરમમાં જૈવવિવિધતા અને ક્લાઈમેટ ચેન્જને આંતરરાષ્ટ્રીય સ્તરે જોડવામાં આવ્યા હતા. જૈવવિવિધતાના નુકસાનનું કારણ બનતા આબોહવા પરિવર્તન વધુને વધુ મહત્વપૂર્ણ બનશે, અને જો ગ્લોબલ વોર્મિંગ માટે (પેરિસ કરાર)ના લક્ષ્યો અનુસાર પાલન નહીં કરાય તો પ્રકૃતિ અને જૈવવિવિધતાનું રક્ષણ કરવું વધુને વધુ પડકારજનક બનશે. જૈવવિવિધતાના નુકસાનથી પેરિસનાં આબોહવા લક્ષ્યોને પૂર્ણ કરવાનું પણ વધુ મુશ્કેલ બનશે કારણ કે સ્વસ્થ ઈકોસિસ્ટમ્સ, ખાસ કરીને જંગલો અને મહાસાગરો, આબોહવાનું નિયમન કરે છે, જ્યારે ઈકોસિસ્ટમનું અધોગતિ (દા.ત. વન નાબૂદી) વાતાવરણમાં કાર્બનનું ઉત્સર્જન કરે છે. મોટાભાગના UN સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ પણ જૈવવિવિધતા પર આધાર રાખે છે.

પૃથ્વીનાં જૈવિકસંસાધનો માનવજાતના આર્થિક અને સામાજિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે. હકીકત છે કે જૈવિક વિવિધતા વર્તમાન અને ભાવિ પેઢીઓ માટે અમૂલ્ય વૈશ્વિક સંપત્તિ છે. તે સમયે, પ્રજાતિઓ અને ઈકોસિસ્ટમ માટેનો ખતરો આજના જેટલો મોટો ક્યારેય નહોતો. માનવ પ્રવૃત્તિઓને કારણે પ્રજાતિઓનો લુપ્તતાનો દર ચિંતાજનક રીતે વધી રહ્યો છે.

(સાભાર : નવગુજરાત સમય)

વૈશ્વિક-સ્તરે માનવપ્રવૃત્તિ જૈવવિવિધતામાં પરિવર્તન અને ઘટાડો લાવી રહી છે. જેના મુખ્ય સીધા કારણો જમીન, જળસ્ત્રોતો અને સમુદ્રના ઉપયોગમાં ફેરફાર છે. જૈવવિવિધતામાં ઘટાડાથી એકબીજા સાથે જોડાયેલા કુદરતી અને માનવ-પ્રણાલિઓ માટે ઊભા થયેલા જોખમના સ્તરને આંતરરાષ્ટ્રીય, સંકલિત પગલાંની જરૂર છે. સમુદાયો અને અર્થતંત્રો કુદરતી સંસાધનોને આધારે નક્કી કરવામાં આવે છે અને તેના પર નિર્ભર હોવાથી જૈવિક વિવિધતા પરના સંમેલનના ઉદ્દેશો સામાજિક અને આર્થિક પાસાઓનો સમાવેશ કરે છેઃ (i) જૈવિક વિવિધતાનું સંરક્ષણ, (ii) તેના ઘટકોનો ટકાઉ ઉપયોગ, અને (iii) જૈવિક વિવિધતાના લાભોની વાજબી અને સમાન વહેંચણી.

બોધકથા

સેવા

જંગલમાં એક ઋષિ રહેતાં હતાં. તે પશુ-પક્ષીઓની સેવા કરતાં. એક દિવસ તેમણે જોયું તો એક હરણ તેની ઝૂંપડી પાસે ઘાયલ થઈને પડ્યું હતું. કોઈકે તેને બાણ માર્યું હતું.

થોડીવારમાં કેટલાક લોકો ત્યાં આવી પહોંચ્યાં. તેમાંથી એકે કહ્યું: "આ હરણને બાણ કોણે માર્યું?" બીજાએ કહ્યું: "આ હરણને ઘાયલ કોણે કર્યુ ?"

ત્રીજાએ કહ્યું: "આ હિંસાનું કામ કોણે કર્યુ ?"

બધા એકબીજાને કંઈકને કંઈક પૂછવા લાગ્યા. પરંતુ કોઈ આ કૃત્ય પોતે કર્યું છે તે વાતનો સ્વીકાર કરવા તૈયાર થતા નથી.

ઋષિ પોતાની ઝૂંપડીની બહાર ઊભાં-ઊભાં સાંભળતાં હતાં. તેણે બધાને પોતાની પાસે બોલાવ્યાં અને કહ્યું: "હરણને કોણે બાણ માર્યું તે જાણવું અત્યારે જરૂરી નથી. પરંતુ હરણ બચે તે માટે તેની સેવા કરવાની અત્યારે ખાસ જરૂર છે."

આ વાત બધાને યોગ્ય લાગી. બધાં હરણની સેવા કરવાં લાગ્યાં. થોડા સમયમાં હરણ ઊભું થઈ ચાલતું થયું.

ઋષિએ બધા માણસોને બોધ આપતાં કહ્યું: "આપણે પહેલાં ઘાયલ પશુ-પક્ષીઓની સેવા કરવી જોઈએ. વાદ-વિવાદમાં પડ્યા વગર સેવાનું કામ પહેલા ચાલુ કરી દેવું જોઈએ."

ઋષિની વાતનો બધાએ સ્વીકાર કર્યો. પશુ-પક્ષીઓની સેવા કરવાનો સંકલ્પ કરી સૌ છૂટા પડ્યાં.

હસમુખ રામદેપુત્રા
અવધ, બ્લોક નં. ૭૬ સેટેલાઈટ પાર્ક સોસાયટી,
સાધુ વાસવાણી રોડ, પાટીદાર ચોક પાસે,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫
મો. ૯૮૭૯૪૮૫૬૬૭

નેશનલ હાઈવેની બાજુમાં વિકસાવાશે મધમાખી કોરિડોર

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ રાષ્ટ્રીય ધોરી માર્ગોની બાજુમાં મધમાખી કોરિડોર વિકસાવવાની અનોખી પહેલની જાહેરાત કરી છે. આ કોરિડોરમાં મધમાખી અનુકૂળ વૃક્ષો અને છોડ વાવવામાં આવશે. આ પહેલ મધમાખીઓ ઉપરાંત પરાગરજને એક ફૂલથી બીજા ફૂલ સુધી પહોંચાડતા જીવજંતુઓ માટે પણ ઉપયોગી થશે. છોડની જાતો એવી પસંદ કરાશે કે, આખું વર્ષ ફૂલ સતત ખીલતા રહે. હાઈવેની બાજુમાં લીમડો, કરંજ, મહુડો, કેસુડો, જાંબુ, આમળા અને શિરીષ વગેરે જેવા દેશી વૃક્ષો વાવવામાં આવશે. હાઈવે ઓથોરિટીનું લક્ષ્ય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન નેશનલ હાઈવેની બાજુમાં આશરે ૪૦ લાખ વૃક્ષો વાવવાનું છે, જેમાંથી લગભગ ૬૦ ટકા વૃક્ષો મધમાખી કોરિડોર પહેલ હેઠળ વાવવામાં આવશે.

‘સહકાર’ પાક્ષિક અને ‘ગ્રામસ્વરાજ’ માસિકના જાહેરાતના દર

તા. ૧-૧૦-૨૦૨૪ થી

સહકાર પાક્ષિક	એકવાર	ત્રિમાસિક	છ માસિક	વાર્ષિક
૧. આખું પાન	૬,૦૦૦/–	૩૦,૦૦૦/–	૬૦,૦૦૦/–	૧,૦૦,૦૦૦/–
૨. અડધું પાન	૪,૦૦૦/–	૨૦,૦૦૦/–	૪૦,૦૦૦/–	૯૦,૦૦૦/–
૩. પા પાના	૩,૦૦૦/–	૧૫,૦૦૦/–	૩૦,૦૦૦/–	૬૫,૦૦૦/–
૪. શુભેચ્છા	૨,૦૦૦/–	૧૦,૦૦૦/–	૧૮,૦૦૦/–	૪૦,૦૦૦/–

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૨૫/–

‘સહકાર’ વિશેષાંક : ૨૦૨૫ થી

૧.	ટાઈટલ પાન – ૪	૪૦,૦૦૦/–
૨.	ટાઈટલ પાન – ૨ / ૩	૨૫,૦૦૦/–
૩.	આર્ટ પેપર ફોર કલર	૧૫,૦૦૦/–
૪.	અંદરનું આખું પાન	૭,૫૦૦/–
૫.	અંદરનું અડધું પાન	૫,૦૦૦/–
૬.	અંદરનું પા પાન	૩,૦૦૦/–

જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૧૦,૦૦૦/-

‘ગ્રામસ્વરાજ’ માસિક	એકવાર	વાર્ષિક
૧. ટાઈટલ પાન – ૪	૫,૦૦૦/–	૫૦,૦૦૦/–
૨. ટાઈટલ પાન – ૨ / ૩	૪,૦૦૦/–	૪૦,૦૦૦/–
૩. અંદરનું આખું પાન	૩,૦૦૦/–	૩૦,૦૦૦/–
૪. અંદરનું અડધું પાન	૨,૦૦૦/–	૨૦,૦૦૦/–
૫. પા પાન	૧,૦૦૦/–	૧૦,૦૦૦/–
૬. શુભેચ્છા	૫૦૦/–	૫,૦૦૦/–

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad Unaccountable L1 on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-06-2026)

શાંતિપૂર્ણ વિશ્વ માટે સહકારિતા : વૈશ્વિક એકતા અને વિકાસનો માર્ગ

વિશ્વ આજે એક એવા સંક્રમણકાળમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં એક તરફ વિજ્ઞાન, ટેક્નોલોજી અને આર્થિક વિકાસના નવા દ્વાર ખુલ્યા છે, તો બીજી તરફ યુદ્ધ, ગરીબી, અસમાનતા, બેરોજગારી, પર્યાવરણ સંકટ અને સામાજિક વિભાજન જેવી સમસ્યાઓ માનવજાત માટે ગંભીર ચિંતા બની છે. અનેક દેશોમાં સંઘર્ષ અને અશાંતિના કારણે લોકોનું જીવન અસુરક્ષિત બન્યું છે. આવી પરિસ્થિતિમાં વિશ્વને માત્ર આર્થિક વિકાસ નહીં, પરંતુ શાંતિ, વિશ્વાસ અને માનવતાના મૂલ્યોની પણ તાતી જરૂરિયાત છે. આ સંદર્ભમાં સહકારિતા (Cooperation) એક એવી શક્તિ તરીકે ઉભરી રહી છે, જે વિશ્વને શાંતિપૂર્ણ અને સમાનતાપૂર્ણ ભવિષ્ય તરફ દોરી શકે છે.

આ જ વિચારને કેન્દ્રમાં રાખીને International Cooperative Alliance દ્વારા Coops Day ૨૦૨૬ માટે “Cooperatives for a Peaceful Wrold” એટલે કે “શાંતિપૂર્ણ વિશ્વ માટે સહકારિતા” થીમ જાહેર કરવામાં આવી છે. આ થીમ માત્ર સહકારી ક્ષેત્ર માટે નહીં, પરંતુ સમગ્ર માનવજાત માટે માર્ગદર્શક વિચાર સમાન છે. સહકારિતા એ માત્ર આર્થિક વ્યવસ્થા નથી, પરંતુ એક એવી જીવનશૈલી છે, જે “એક માટે બધા અને બધા માટે એક” ના સિદ્ધાંત પર આધારિત છે.

દર વર્ષે જુલાઈ માસના પ્રથમ શનિવારે ઉજવાતો આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ વિશ્વભરના સહકારી આંદોલનને એક મંચ પર લાવે છે. વર્ષ ૨૦૨૬માં ૪ જુલાઈના રોજ ૧૦૪મો આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ તથા ૩૨મો યુએન આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ ઉજવાશે. આ ઉજવણી માત્ર ઔપચારિક કાર્યક્રમ નથી, પરંતુ સહકારી મૂલ્યો, લોકશાહી ભાગીદારી, સામૂહિક હિત અને માનવકેન્દ્રિત વિકાસ પ્રત્યેની વૈશ્વિક પ્રતિબદ્ધતાનું પ્રતિક છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza,
B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat